# એતદ્

૨૨૬ (પૂર્વાર્ધ) : જૂન ૨૦૨૦



કો રો ના વિ શે ષાં ક





PDF વિશેષાંક : મુક્ત વહેંચણી માટે
PDF વિશેષાંક : મુક્ત વહેંચણી માટે

**એતદ્ : ૨૨૬ (પૂર્વાર્ધ)**

# કો રો ના વિ શે ષાં ક

એપ્રિલ-જૂન, ૨૦૨૦
ISSN 2350-0689

સંપાદક : કમલ વોરા - નૌશિલ મહેતા - કિરીટ દૂધાત


| | | |
|---|---|---|
| | **અત્યારે** | ૩ |
| **હરીશ મીનાશ્રુ** | મુમૂર્ષુની વિલાપિકાઓ | ૪ |
| **અજય સરવૈયા** | ત્રણ કાવ્યો | ૧૬ |
| **કાનજી પટેલ** | પ્રલય અલગથી નહીં આવે | ૧૯ |
| **રમણીક સોમેશ્વર** | એક કાવ્ય | ૨૨ |
| **વિપાશા** | એક કાવ્ય | ૨૪ |
| **વિપાશા** | કેટલાંક કોરોના સમકાલીન કાવ્યો | ૨૫ |
| **વર્ષા દાસ** | આ તે કેવી દૈવી શક્તિ! | ૨૭ |
| **રાકેશ દેસાઈ** | લોકડાઉન અષ્ટક | ૨૯ |
| **મેહુલ દેવકલા** | નવમા દિવસે | ૩૬ |
| **પ્રતિષ્ઠા પંડ્યા** | ત્રણ કાવ્યો | ૩૮ |
| **બકુલ ટેલર** | અવસ્થા | ૪૩ |
| **જયદેવ શુક્લ** | નવેસરથી... | ૪૪ |
| **હેમાંગ દેસાઈ** | એક કાળું કાવ્ય | ૪૬ |
| **યોગેશ જોષી** | કોરોનામાં મુંબઈ | ૪૮ |
| **રાજેશ પંડ્યા** | એક કાવ્ય | ૪૯ |
| **હર્ષદ ત્રિવેદી** | નિષ્ક્રમણ | ૫૦ |
| **કોશા રાવલ** | લોકડાઉન | ૫૬ |
| **નૌશિલ મહેતા** | અલંકાર-ફલંકાર વગરનો નાટ્યલેખક<br>ઉત્તમ ગડા : પરેશ રાવલ સાથે વાતચીત | ૬૫ |
| **અભિષેક મજુમદાર**<br>અનુ. : **નૌશિલ મહેતા** | મીઠાનો સત્યાગ્રહ | ૭૪ |
| | આ અંકના લેખકો : | ૫૫ |

**ક્ષિતિજ સંશોધન પ્રકાશન કેન્દ્ર**

સંસ્થાપક : સુરેશ જોષી

આદ્ય સંપાદકો : સુરેશ જોષી, રસિક શાહ, જયન્ત પારેખ

*વાર્ષિક સભ્ય રૂ. ૩૦૦/-, (વિદેશ) રૂ. ૧૦૦૦/-*
*આજીવન સભ્ય (વ્યક્તિ) રૂ. ૩૦૦૦/-, (વિદેશ) રૂ. ૧૦૦૦૦/-*
*આજીવન સભ્ય (સંસ્થા) રૂ. ૩૫૦૦/-, (વિદેશ) રૂ. ૧૨૫૦૦/-*
*શુભેચ્છક સભ્ય રૂ. ૧૧૦૦૦/-, (વિદેશ) રૂ. ૧૫૦૦૦/-*
***(બદલાયેલી સભ્ય ફી નોંધી લેવા વિનંતી)***
*સભ્ય ફી 'Kshitij Samshodhan Prakashan Kendra'ને નામે રોકડ/ મનીઓર્ડર/ડ્રાફ્ટથી મોકલવી. ચેકથી ન મોકલવી. મનીઓર્ડરમાં નામ-સરનામાની વિગતો દર્શાવવા વિનંતી. 'એતદ્'નું વર્ષ જાન્યુઆરીથી ડિસેમ્બરનું ગણવું. સઘળો પત્રવ્યવહાર કાર્યાલયને સરનામે કરવા વિનંતી.*

**કાર્યાલય**

કમલ વોરા – 'એતદ્' એ-૪૦૩, પારસનાથ, સુધા પાર્ક, શાંતિ પથ,
ઘાટકોપર (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૭૭.
ફોન : (0)-૯૮૧૯૮ ૨૦૨૮૬, Email : etadindia@gmail.com

**સંપાદકીય પત્રવ્યહવાર**

કિરીટ દૂધાત – 'એતદ્' એ/૧, સુયોજન અપાર્ટમેન્ટ્સ, ભાગવત વિદ્યાપીઠ પાસે,
સોલા, અમદાવાદ-૩૮૦ ૦૬૦.
ફોન : (0)-૭૦૧૬૭ ૩૦૨૮૯, Email : etadindia@gmail.com

**વિનંતી**

**લેખકમિત્રોને :** રચનાઓ શક્યત : ટાઈપ કરીને અથવા ફૂલ્સકેપ કાગળ પર એક બાજુ લખીને જ મોકલવી. PDF ફાઈલ સ્વરૂપે **એતદ્**ને ઇ-મેઇલ પણ કરી શકાય.
**સહુ સભ્યોને :** જેમની પાસે ઇ-મેઇલ આઇડી હોય તે **એતદ્**ના ઇ-મેઇલ પર જણાવે તો સંપર્ક કરવામાં સરળતા રહે.

**આવરણચિત્રો**
*ભૂખ અને હિજરત, ૨૦૨૦*
સમાચારછબીઓ

મુદ્રણસજ્જા : નૌશિલ મહેતા.

# અ ત્યા રે

આ કપરા કોરોનાકાળમાં એતદ્ : ૨૨૬ (પૂર્વાધ)ને ડિજિટલ સ્વરૂપે પ્રગટ કરવાની અમને ફરજ પડી છે. હજુ ટપાલખાતું કે કુરિયર સર્વિસ નિયમિતપણે કાર્યરત ન થયાં હોઈ આ વ્યવસ્થા સ્વીકારી લેવાનો નમ્ર અનુરોધ છે. વરિષ્ઠ મિત્રોને નક્કી જ અગવડ પડશે પણ તે ઉદારમના થઈ દરગુજર કરશે એવી પણ શ્રદ્ધા છે.

મનુષ્યમાત્રને કોરોના મહામારીની ભયાનકતા સ્પર્શી છે અને એની સંવેદનામાં, વાસ્તવને આકલન કરવાની વિચાર-શક્તિમાં અભૂતપૂર્વ અને ભારે ઊથલપાથલ થઈ છે. અમે એતદ્ : ૨૨૫માં સાહિત્યકારમિત્રોને અનુરોધ કર્યો હતો કે તેઓ આ વિશિષ્ટ સમયથી પ્રેરિત અને પ્રભાવિત થઈ લખાયેલી રચનાઓ અંકના એક વિશેષ કોરોના-વિભાગ માટે અમને મોકલે. અમે ત્યારે ધારેલું તે કરતાં પ્રગટ કરવા યોગ્ય વધુ કૃતિઓ અમને મળી અને અન્ય સ્વીકૃત સામગ્રી પણ ખાસ્સી હતી જ એટલે આ અંકને અમે બે ભાગ – પૂર્વાધ અને ઉત્તરાર્ધ –માં પ્રગટ કરવાનો નિર્ણય લીધો. તદનુસાર આ પૂર્વાધ ‘કોરોના-વિશેષ’ તરીકે ડિજિટલ રૂપમાં પ્રગટ કરીએ છીએ. ઉત્તરાર્ધ બે-ત્રણ અઠવાડિયાં પછી પ્રગટ થશે તેની નોંધ લેવા વિનંતિ છે.

એતદ્ : ૨૨૬ (પૂર્વાધ), આ કોરોનાકાળમાં થોડીવાર માટે પણ સહૃદય ભાવકોને રાહત આપશે તો સંપાદકો અને લેખકમિત્રોનો આ ઉદ્યમ લેખે લાગશે. કૃતિઓ માટે સહુ લેખકમિત્રોનો પણ આભાર.

સહુ સ્વસ્થ અને સલામત રહે એ મનોકામના સાથે.

*– સં.*

## હરીશ મીનાશ્રુ   *   મુમૂર્ષુની વિલાપિકાઓ

*(સન્નિપાતના ઢાળમાં)*

હું હતો ન'તો કે છું?
વર્તમાનની
સાવ સરકણી
સાવ બટકણી ક્ષણ ઠેકીને
નિત્ય નિરંતર હ્યસ્તનગામી,
આમ એકદા મર્ત્યલોકમાં ક્યાંક
હતો કે... છું?

આ કોણ?
કોણ જે સતત મને અહીં દાહે?
કઈ જાહ્નવીના તે દારુણ અગ્નિવરુણા ઘાટે?
અસિ-ધારે આ કોણ અસ્થિને ઊભાં વ્હેરે વાઢે?
આ કોણ?
કોણ જે સતત મને અહીં દાટે
શિવનગરી કે શવનગરીમાં?

હવે
સકળ આ પૃથ્વી
એક પુર મુમૂર્ષુ પટ્ટન
એક દાહ ગહન એક દટ્ટન
*

મેં બરાબર ગોખી રાખ્યું છે
પૂર્વજોએ પઢાવેલું એ આરોગ્યસૂત્ર :
*ઔષધં જાહ્નવીતોયં...*
હું જાચું કેવળ બુંદ
પણ એ ભાગીરથી તો ક્યારની પાછી શોષાઈ ગઈ છે
કોઈ ગંજેરીની ભૈરવજટામાં
પવનના પ્રલંબ પટ પર હવે જે ફૂંકાઈ રહી છે
તે તો કેવળ ભસ્મતરંગિણી

હું
રત્નાકર ભ્રૂણ ભગીરથ
રુગ્ણાલયમાં શિથિલ ગાત્ર ને શ્લથ
ટમટમતાં મારાં નેત્રો બની ગયાં છે ક્ષીણસ્નેહ ઘૃતદીપક
ઉદ્દીપક માત્ર મુમૂર્ષાનાં

પ્રબુદ્ધ હું
હું તજ્જ્ઞ તતનો, રહસ્યવેત્તા, રમ્ય કલાધર
સ્કોલર લગભગ સતનો
પ્રકાણ્ડ પંડિત, વિદગ્ધ હું જ્ઞાનીવિજ્ઞાની
તદપિ કેવળ ક્ષણભંગુર ને દગ્ધ
નિરૂપાય હું સદા સર્વદા રોગી
મરણપ્રેયસીનો ભવભવનો ભોગી

મોસ્કો ને મેડ્રિડના મણિકર્ણિકા ઘાટે
મારું અડધું બળેલું શરીર લઈને
હું ઉતાવળે ઊભો થઈ જાઉં છું : મારે હજી સાક્ષી બનવાનું છે
અગણ્ય મરણોની અંત્યેષ્ટિનું.

બારીએ બાલ્કનીએ,
ગોખે ગવાક્ષે, અટારીએ અગાસીએ, કઠારે ને ઝરૂખે
ટણટણણ ઘમ્મ ઘમ્મ ઘણાનાદં કરોમ્યહમ્
આ અસંખ્ય ઘંટડીઓ વાજી રહી છે કોને કાજે? –
It tolls for thee it tolls for thee...
ઝબકીને ટપોટપ બુઝાતી રહે છે ડુમ્સ ડેની મીણબત્તીઓ ને
શેરીઓમાં સતત સૂસવતી રહે છે સાઇરનોઃ
ન્યુ યોર્ક મારી રાહ જુએ છે ગ્રાઉન્ડ ઝીરોના ક્રિમેટોરિયમમાં
પાંચ ફૂટ સાત ઇંચના કોફિન સોંસરવા મારે સમયસર પહોંચવાનું છે
સંજીવની રસીની શોધમાં રસાતળ લગી
ટોરોન્ટોના આઈ સી યુ-માં હું એકીટશે તાકી રહ્યો છું તને
રહ્યો છું તને અવિરત સ્મરી
*હે વૈદ્યો નારાયણો હરિ...*
શ્વાસમાં ચપટીભર ઓક્સિજન ભેળવીને ભૂંગળીભેર
મારે ભાગી છૂટવાનું છે

કોલંબોના ક્વોરન્ટાઇન સેન્ટરમાંથી
સબ્જીમંડી બાજુ સૂરણની મરણની કે સુમિરણની ગાંઠ માટે.

મારે ઉઠાવવાના છે મારા જનાજા
બગદાદમાં તેહરાનમાં
ખડે પગે કરવાની છે શુશ્રૂષા વસ્તીમાં વેરાનમાં
પિરામિડના કન્ટેઇનમેન્ટ ઝોનમાં તુતનખામુનને
ચટાડવાનાં છે ઓસડિયાં
નિરંતર ઓગળતા જવાનું છે જીવનના સંદેહમાં
માટીમાં ને ચેહમાં

ગળવું ને ઓગળવું પામ્યાં હાડ હિમ ને મીણ રે
ક્ષણને જે અમથુંયે અડકે તત્ક્ષણ થાશે ક્ષીણ રે

*પાની બિચ બતાશા સાધો તનકા યહી તમાશા રે*
જીભ અવાચક ઠોઠ હોઠ બે
ભૂલી રહ્યા નિજ ભાષા રે

હિન્દી? ગુજરાતી કે ઉર્દૂ?
અપભ્રંશ માણસ છું?
હું મરણ છલોછલ પડછાયો છું?
મોક્ષમસાલા-ભર્યું મમી કે વાણીવિહોણું મુરદું?
*

નવદ્વીપે નવખંડે
સહુને ગ્રસી રહ્યો છે કૃષ્ણપક્ષ
હે મહાવક્ષ
તારી સમક્ષ
હું પડું ઘૂંટણિયે
સુર નર કિન્નર યક્ષ
કે ગગનવિહારી અલલપક્ષ
સંતત ચોરાશી લક્ષ યોનિનો અગનવિહારી
કહે મને, હું ભોક્તા છું કે ભક્ષ?

હે સ્વામી હે અંતરજામી
આમિ બેંગોલી આમિ મરેઠી આમિ બિહારી
આમિ અમૃતેર સંતાન, આમિ રાહુકાલ, રક્ષ મને રક્ષ
આમિ લેબોરર, આમિ કિંકર, આમિ કંકાલ, રક્ષ મને રક્ષ
આમિ કાલિદાસેર યક્ષ, રક્ષ મને રક્ષ
કયો મેઘ વહી જશે મારા મેદુર વિલાપો?
દ્વન્દ્વરૂપ છે માણસ વિશ્વે : કાં હાકિમ કાં હુકમી રે
એક શેઠિયો બીજો વેઠિયો જે વેઠે જોહુકમી રે

કાં ભૂખ્યો કાં વક્ર વૃકોદર સંસારી કાં જોગી રે
કાં મૃતક કાં ડાઘુ સમજો, કાં ભિષગ કાં રોગી રે

કાં તો પંગુ ઉંબર પણ જે શકે નહીં ઓળંગી રે
કાં તો હિજરાયેલ હિજરતી ખિજ ન જેનો સંગી રે

કંઠે કાચકી,
માથે બચકી બચરવાળની
ગાંઠે ચપટી ગરથ
શેષ ગાંધીબાપુનો અરથ
અચાનક ઠેસ વાગતાં ઠેબાતું જીવતર, કળતર કાળું પિંડીમાં
ખસરક ખસરક ખસે ખાસડાં ખિસિયાણાં કે તળિયાં દાઝે
બાઝે બન્ને પગે ગોટલા
પડખે છે જણનારી જોરુ કેડે લબલબ ધાવણું છોરું
ડબડબ આંખે પાય ઢસરડે જગધાં, જાગે ઊંઘે અડધાંપડધાં
ધરમરાયનું કૂતરું તે કળજુગનાં પગલાં સૂંઘે
લેબર ડે-નો ભૂખ્યોતરસ્યો ધોમ ધખે છે માથે
ને હું પગપાળો નીકળી પડ્યો છું
હેમાળો ગાળવા ભરઉનાળે ઠણ ઠણ ગોપાળ

હે છાપાના ગોવાળ, હે ન્યુઝ ચેનલના ગોબ્રાહ્મણ પ્રતિપાળ
આ અકથ કહાણી કહેજો મારી માને
હમણાં કોઈ ખાખી બાવો આવશે, ચીપિયો પછાડશે
હમણાં કોઈ સખીદાતાર આવશે, ખીચડું ખવાડશે

તન અને વતનની વચ્ચેના અફાટ સન્નાટામાં
*જોજનનાં કૈં જોજન દૂર*
*નીંદર પહેલાં જવું જરૂર*
નહિતર
કોઈ ભારખાનું આવશે ને મને ટીપી જશે
જારબાજરાના રોટલાની જેમ
ક્યાંય ન જતા રેલવેના આ અટપટા પાટે
ઊંઘણશી હું ખુદાબક્ષ, રક્ષ મને રક્ષ
હે મહાવક્ષ
*

જીર્ણ વસ્ત્રો તજીને
મનુષ્ય જે રીતે નવાં વસ્ત્રો ધારણ કરે છે એ રીતે
મેં ધારણ કરી છે પીપીઈ કિટ
ને અશ્વિનીકુમારોનું આવાહન કરીને
મારી લાલાયિત જિહ્વા પરથી શબ્દ ઉપાડીને
કર્યો છે સ્વેબટેસ્ટઃ
હું સંક્રમિત છું આશાથી, સંભ્રમિત છું
ભાષાથી

સિરિયલ તો ક્યારની પૂરી થઈ ગઈ તોય
બૂટી લેવા ગયેલા હનુમાનજી હજી કેમ પાછા ફર્યા નથી
મારા ટીવીમાં?
અણીની પળે છટકી ગઈ તો નહીં હોયને
હોલિવુડના સુપરહીરોના હાથમાંથી એન્ટિડોટની એકમાત્ર શીશી?

Unable to sanitize the self and the soul
મેં હાથ ધોઈ નાખ્યા છે મારાથી, એપોલોના દૈવી આદેશ મુજબ.
હું સ્વયંથી બાવન અક્ષર દૂર ઊભો છું, અવ્યક્ત
નથી કરતો હસ્તધૂનન, નથી કરતો પાણિગ્રહણ
હવે ઇડન ગાર્ડનમાં ઈવ ચૂંટે છે, એક નહીં, –
બબ્બે પાંદડાં અંજીરનાં –
એક ઢાંકવા ગુહ ને બીજું મુંહ.
આલિંગન ચુંબન મર્દન : વૈયાકરણીઓએ રદ્દ કર્યાં છે

આ શબ્દોના સુખસમૂહને ત્વચાના શબ્દકોશમાંથી

હે આર્યભટ્ટ
મારા કસ્બાના નકાબપોશ કલેક્ટરે, કાછિયે ને કરિયાણાવાળાએ
નવેસરથી કરી છે શૂન્યની શોધ
મારો પગ પડી ગયો છે એ છૂટક કૂંડાળામાં

હું ચાર ભીંતનો કેદી રે કોઈ ભોગળ ભાંગો
આ ઘેરાબંદી ઘટની શકું ન ભેદી રે કોઈ ભોગળ ભાંગો
વણકૂંચીનાં ખંભાતી તાળાંનો તાલેવંત રે
મારા ઝૂડામાં કૈં ઝંઝારવ ઝણકંત રે કોઈ ભોગળ ભાંગો

કઈ કૂંચીથી બંધ કર્યો કે ખૂલી શકું નવ કદી
(કારા)ગૃહે રહું ભોગવી ક્ષણની ભીતર સદી

જે ધરતીનો બીજો છેડો ખૂલે સચરાચરમાં
પરથમ છેડો મુજમાં બાંધી, બંધિયાર હું ઘરમાં

ગૃહસ્થ હું આ મર્ત્યલોકનો જનમ જનમનો સૂતકી
મુરદોં કા ઈ ગાંવ રે બૌરે ઈ દુનિયા તાબૂત કી

હું એકાકી હું એકાંતિક સભા સમૂહ ને ટોળું
હું જ અડાબીડ ભીડ મહીં મુજ એકલતા ફંફોળું

હું જ કરું શતખંડિત ખુદને અત્રતત્ર ફંગોળું
અતડો એકલસૂર સ્વયં ખોવાઈ સ્વયંને ખોળું

ઘર બોલું તો ઘોર ઘોર પ્રતિશબ્દ રહેતો ગુંજી
કોઈ તો આવી ખણખણ ઝૂડે બતલાવો ગુરુકુંજી
*

સંકોચાઈ ગયાં છે
ક્રીડાંગણો કેરમબોર્ડમાં
ને સ્ટેડિયમ, સાપસીડીના ચોખંડા પૂંઠામાં

રેડ ઝોનમાં
નજરબંદ ઘર આખેઆખું ગયું સમાઈ સાંકડમાંકડ
સેલફોનમાં
એકલવાઈ કોઈ નર્સરી રૂહાઈમને વળગીને
હું કન્ફેસ કરું છું : હની, આઈ શ્રન્ક ધ કિડ્ઝ

મસ્તક પરથી મતિ
ખડી પડી છે પાટા પરથી ગતિ
વ્યર્થવ્યવસ્થાની વણકલ્પી અધઃમુખ અવનતિ
હવે જીવનનો અર્થ બચ્યો છે યતિ

હું સદા ફરંદો ઈબ્ન બતુતા
વર્લ્ડમેપમાં ચપ્પટ ચોંટી ગયાં છે અધવચ એડિડાસનાં જૂતાં
પગ તો જાણે ખોડ્યા ખંભા કાળમીંઢ પથ્થરના
મેં થંભાવી દીધું છે ચક્રોનું દુષ્ચક્ર
પવનપાવડી ઠપ્પ
ઠપ્પ છે ઉડનખટોલા ઉબેર ઓલા
હેરી પોટરની હતપ્રભ સાવરણી કરી શકતી નથી ટેકઑફ
પાંખો સંકેલીને પડ્યાં છે અગણિત મંદપ્રાણ ગરુડ-યાનો
વિષ્ણુના પાર્કિંગ લોટમાં
અલ્લાદીનની જાદુઈ શેતરંજીઓ ગુમાવી બેઠી છે પોતાનો તિલસ્મ

જીવજંતુ ભૂચર વનચરની સુવાંગ છે આ ભૂમિ
તાલતલૈયા સમદર સરિતા સરવર પર છે ભોગવટો જળચરનો
ને સ્વચ્છ નીલું આ નભ તે કેવળ ખેચરજોગું
નિસર્ગ જાણે સ્વયં નિરામય તન્મય નિજના લયમાં
પંખીઓ ને પતંગિયાં, ડ્રોન ને ડ્રેગનફ્લાય ઊડે છે મુક્ત ગગનમાં
ને આશંકિત મનમાં
ચકરાવે ચડે છે
ચીનાઈ પ્રજાતિનાં ચામાચીડિયાં
ને... ... ... મિથ્યાચારી મીડિયા
*

ના, નથી ત્રાજવાં કાટલાં બાટ રે
ના, હટાણાં નથી કે નથી હાટ રે
ઊપજે ના કશું ના કશું નીપજે
ઉદ્યમી જન કોઈ ના ઘડે ઘાટ રે

સર્વથા શુદ્ધ નવરાશનાં દશ્ય છે
સૌ હવે કેળવે માત્ર આલસ્ય છે
સેલની સહેલગાહે ન કોઈ જતું
કસ્ટમરની પ્રજાતિ જ અદશ્ય છે

ના, નથી કોથળી બોક્સ બૉટલ વળી
ટેટરાપૅક પાઉચ પડીકાં હવે
ક્રય ન વિક્રય નથી ડોરસ્ટેપ ડિલિવરી
આજ નિરપેક્ષ છે વસ્તુથી વાસ્તવે

ગંજ બાજાર મોલ માર્ટ ને મલ્ટિપ્લેક્સ
ખૂમચા લારી ગલ્લાય તે બંધ છે
મંદિરે દેવ પૂર્યા ગભારા મહીં
મસ્જિદે આજ અલ્લાય તે બંધ છે

ભીંત પર લક્ષ્મીનું જીર્ણ કેલેન્ડરે
ફડફડે ને પછી પોતે ફફડી મરે
કંકુવરણી એ દક્ષિણ હથેલી થકી
આજ ના રોકડો એક રૂપિયો ખરે

ના થડા પર કોઈ શેઠવાણોતરે
ના કોઈ શ્રી સવા ચોપડે ચીતરે
આ સકળ સૃષ્ટિનાં શટર પાડી દઈ
વણિજનો દેવ તે વેન્ટિલેટર પરે

કાળ પ્રવૃદ્ધ તે લોકનો ક્ષય કરે
કોઈ કહેતાં કોઈ ચૂં ન ચર્ચા કરે
સંહરે સર્વને શીઘ્ર ખપ્પર ભરે
બુલ્લ બુલશીટ કરે ટેડી બેર થરથરે

આપણો ચિંતવ્યો અર્થ કાંઈ ના સરે
જો જીડીપી ભરે ઊંહકારા જ્વરે
શામળા શેઠની પેઢી કાચી પડી
ક્યમ કરી સીકરાશે આ હૂંડી, અરે

યેન યુરો દિરહમ ને ડોલર રૂપી રૂબલ ને પાઉન્ડ
ખોટકાઈને પડ્યું ખખડતું આ મેરી ગો રાઉન્ડ

દુખિયારાંને હવે દોહ્યલાં એક રોટી એક કાંદો રે
બે ત્રણ દોરા ઘટી ગયો શ્રી કુબેરજીનો ફાંદો રે
*

પૃથ્વી જેવડી
અર્થાત્ રાઈના દાણા જેવડી
એક કવિતા
મરણશૈયા પર પડી છે, નિશ્ચેષ્ટ
મને સજીવારોપણ અલંકાર શીખવાડો, હે સહૃદય

કોણ રૂંધે છે એના શ્વાસ?
કોણ રૂંધે છે એના પ્રાસ?
પદે પદે આ વિપદ, કહોને શાથી?

મેં બાફ્યાં ભૂંજ્યાં તળ્યાં તપાવ્યાં તમસમાં ને તેલમાં
તે સર્વ જીવજંતુ ને જનાવરો
અપશબ્દોનું અસદ્ રૂપ ધરીને છુપાઈ ગયાં છે
મારા મ્હોંમાં :
મને તડીપાર કરવામાં આવ્યો છે
કાવ્યપાઠના નિર્મળ પ્રદેશમાંથી

હું કશુંય બોલું છું તો
છંદદોષભરી સકામ સ્તુતિઓની અમંગળ છાંટ
હવામાં દૂર સુધી ફેલાય છે ને
એમાં ચોંટેલા ઈશ્વરો

સતત બદલતા રહે છે પોતાનું છદ્મરૂપ

હે સહૃદય
મને પ્રાર્થના કરવા માટે એક ચોખ્ખી જીભ આપો
એક ચોખ્ખી ભાષા
એક ચોખ્ખો ઈશ્વર
*

ધન્વંતરિની
સીધી દેખરેખ હેઠળ
*બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ...*
હું મુજરિમ કયામતનો મુલાજિમ મોતનો
અર્શેઅઝીમના ફરમાન મુજબ
ઘડીમ ઘડીમ ખોદી રહ્યો છું અનંત હું-ઓની મજિયારી મજાર
જાણે ખણું છું ખોતરું છું પૃથ્વીનો પુરાતન ઘા
ને અંદર ભરી રહ્યો છું મીઠું

દર્પણમાંથી આવતી મુરદાઘરની ઘ્રાણ
પોપટ પઢજો ફાતિયા પઢજો ગરુડપુરાણ

ખબરપત્રીની આંખથી ઓઝલ રહ્યું વૃત્તાંત
બુદબુદ સર્જી સૃષ્ટિમાં જીવનજળ આ શાંત

શ્રેષ્ઠ સૃજન કરતારનું, નભમાં જેમ શશાંક
હું રદ્દી અખબારનો હવે માત્ર મરણાંક

મારા પગ પૂર્વ દિશામાં રાખજો, બને તો
મારું મસ્તક કિબ્લા તરફ રાખજો, બને તો
હે મદિરાધિપતિ, મારું મ્હોં નાપા વેલીની વાઇનરી તરફ રાખજો
મારી જિહ્વા પર ટોજો એક બુંદ ઝાકળનું
દુબઈ ગોલ્ડસુક-ના સોનાની બારીક રેખ મૂકજો મુખમાં,
ને નીચલા હોઠમાં દાબજો એક ચપટો ગુટકાનો, બને તો
ગીતાના ગોરખપુરી ગોટકાનું પાનું ખોસજો
મારા બધિર કાનોમાં

બને તો રૂમીની મજાર કને દફનાવજો મને
કહે છે, મસનવી જેટલી શીતળ છે કોન્યાની માટી
આ કફન નથી, હાથવણાટની કફની છે
બને તો મગહરના કબીરીસ્તાનમાં
ફૂલઢગલીઓના સત્સંગે પધરાવજો મને
કહે છે, શબદ સાખી જેટલો સુખદ છે
એ જગાનો સમીર

હે સરકારી સ્મશાનના આરોગ્યસચિવ
આપને આટલી વિનંતી કરું છું
હું, કાવ્યકોવિદ નાઇન્ટીન
આમીન
*

રિયો ડી જાનેરોના ચૌટા વચ્ચે
ખાલીખમ બે હાથ પહોળા કરીને
ઊભો છું હું, The Christ, the redeemerને પોકારું છું :
O Merciful, grant thy grace and protection
હે અષ્ટાદશ આકાશના પિતા
Kindly pop up at Vatican વટવા વટપદ્ર વેનિસ ને વારાણસીમાં
ઉતરડી કાઢ મારા મુખવટા જન્મજન્માંતરોના ધર્મધર્માંતરોના
પ્રગટાવ મારી મનોહર મુખછબિ માણસાઈની
પ્રગટાવ અશ્રુની શગે આદ્ય અજવાસ
સિદ્ધ કર નયનનું ઉન્નયન
હોઠ પર સ્ફુરાયમાન કર ભાસ્વત ભાષા
જિહ્વા પર પરાસંવાદનું મૌન
ને શ્રુતિમાં પ્રતિષ્ઠિત કર
સકળ વાદ્યોના સત્ત્વ સમાન ભાસ્વર શબ્દ

મારી રક્ષા કર આ જ્યોતિર્પિંડોથી, ઊડુગણોથી,
ચોમેર ઊડી રહેલાં ગ્રહનક્ષત્રોથી,
અનિષ્ટ અરિષ્ટાકારોથી,
સ્તનાકારોથી, વૃષણની લખોટીઓથી, આદિમ એપલોથી,
વૃત્તાકાર પાપપુણ્યોથી, સનાતન શૂન્યોથી,

ઘંટાઘરોનાં લોલકોથી, સકળ અકળ અણિયાળાં
મુકુટાકારી ગોલકોથી

અસંખ્ય દીંટડીઓવાળું પૂતનાનું આ સ્તન એટલું મહાકાય છે
કે હું જોઈ શકતો નથી એ મહામાયાનું મુણ્ડ
મ્હોંમાં ધરીને એનાં ચુચૂક
કેવળ બચક બચક ધાવ્યા કરું છું
કેવળ બચક બચક ધાવ્યા કરું
કેવળ બચક બચક ધાવ્યા
કેવળ બચક બચક
કેવળ બચક
કેવળ

આ કયું કાળચોઘડિયું રે
ભ્રૂણની કુંડળિયે જડિયું રે
ઘટ સાથે કોણે ઘડિયું રે
દુ:ખ ડાળ પાન દુ:ખ થડિયું રે
જીવતરમાં અમૂલખ જડિયું રે
એક મરણ મૂળ ઓસડિયું રે

---

*આ કાવ્ય સુરેશ જોશીને, શતાબ્દીવંદના સહ. (૯થી ૩૦ મે, ૨૦૨૦)*

## અજય સરવૈયા * ત્રણ કાવ્યો

### ૧. લોકડાઉન : વીરચંદભાઈ અને તાર્કોવસ્કી

ગઈ કાલે એમણે ફોન કરેલો
મેં પૂછેલું : હવે ક્યાંય નીકળાતું નહિ હોય કેમ?
એમણે કહેલું : છેલ્લાં બે વર્ષથી આવું જ છે.
પછી એ સાઇલેન્ટ સિનેમાના માઇલસ્ટોન્ઝની વાતે વળગ્યા.
મારે એમને કહેવું હતું, તાર્કોવસ્કીની પાછળની ફિલ્મોમાં ત્રીજા
વિશ્વયુદ્ધના આતંકથી ત્રસ્ત એવું પાત્ર આવતું, 'સ્ટોકર' કે
'નોસ્ટાલ્જિયા' કે 'સેક્રિફાઇસ'માં. ને 'નોસ્ટાલ્જિયા'માં જે પાત્ર
ત્રીજા વિશ્વયુદ્ધના ભયથી પોતાના પરિવારને સાત વર્ષ સુધી
ઘરમાં ગોંધી રાખે છે, કદાચ એ જ પાત્ર પછી 'સેક્રિફાઇસ'માં
ત્રીજા વિશ્વયુદ્ધથી પોતાના પરિવાર (ને સમસ્તી)ને બચાવવા
પોતાનું મકાન બાળી મૂકે છે.
એ કહેતા હતા : થોડા વખતથી સાંજે ઘરની પાસેના એક કૉફી
હાઉસમાં જતો. ત્યાં થોડા મિત્રો થયેલા. હવે બસ ત્યાં જવાતું
નથી.
મારા મનમાં ચાલતું હતું, પહેલો તબક્કો 'નોસ્ટાલ્જિયા'નો,
પરિવારને ઘરમાં ગોંધી રાખવાનો. બીજો 'સેક્રિફાઇસ'નો,
પરિવારને બચાવવા ઘરની આહુતિ આપવાનો. 'નોસ્ટાલ્જિયા'નો
નાયક મીણબત્તી પ્રગટાવે છે, 'સેક્રિફાઇસ'નો ઘર, ત્રીજો
તબક્કો 'સ્ટોકર'નો, ઝોનની શોધનો, ઝોનમાંથી રૂમની શોધનો,
ને એમ જાતની શોધનો.
એ મને પૂછી રહેલા : કામ કેટલે પહોંચ્યું? આ જ સમય છે
કામ કરવાનો.
હું એમના સૂરની હૂંફને, ચિત્તમાં ઊપસતા વિચારોને, સળગતા
મકાનને, 'સ્ટોકર'ના મેલન્કલીક ચહેરાને જોઈ રહેલો.

## ૨. લોકડાઉન અને બોર્હેસ

છે થોડી વાતો જે હજી પણ કરી શકાય છે : જુઓને આ બધું બંધ
છે, શાંત છે, સૂમસામ છે; વાહનોનો ઘોંઘાટ નથી, પક્ષીઓનો
કલબલાટ છે; બધો રઘવાટ થંભી ગયો છે, બધો કકળાટ શમી
ગયો છે, ને છતાં આ જીવને કંઈ હખ નથી, કે આ બધું ભેગું
તો કર્યું, આ બધો પસારો, જનમભરનો, જનમોજનમનો, કે
જનમોજનમથી, ને એનો કોઈ ઘાટ ઘડાતો નથી, કે રેકમાં
આ પુસ્તક પડ્યું છે, બીજાં પુસ્તકો વચ્ચે ગોઠવાયેલું, એમ તમે
લોભને ગોઠવી શકતા નથી, તો શું કરવું? શું કરી શકાય? કંઈ
કરી શકાય? તમારો ભરોસો ભાંગી જાય, તમારી ધીરજ ખૂટી જાય,
તમારાં સપનાં તૂટી જાય, પણ લાઇબ્રેરીમાંથી પુસ્તક ઉછીનું
લો તેમ ભરોસો ઉછીનો લેવાતો નથી, બુકશૉપમાંથી પુસ્તક
ખરીદો તેમ ધીરજ ખરીદી શકાતી નથી, ને લોભને કંઈ પસ્તીમાં
કાઢી શકાતો નથી, વળી લોભને ન બારણાં હોય છે ન કડી,
ન ખૂણો, ન ખાંચરો, ને સામે દસ હજાર પહાડો, તમે સાદ દો,
બૂમ પાડો, બરાડો, પડઘા પડતા નથી, તમે ફરી સાદ દો,
બૂમ પાડો, બરાડો, પણ સામેથી પડઘા પડતા નથી, માત્ર રાડો
સંભળાય છે, ઘોંઘાટ, ચોમેર, ચોપાસ, ચારેકોર, ભીંસી નાખતો,
કર્કશ; પુસ્તકમાં જેમ વિરામચિહ્નો છે, પહાડમાં તેમ પડઘા.
કોઈ કહે છે સમયમાં તડ પડી ગઈ છે, તમને સમયમાં સળની
આશા હતી, જેથી ઘણા સમયમાં એકસાથે પ્રવેશી શકાય, ને
હવે ટટ્ટાર ઊભા રહેવાય એવું નથી; સામે તમારો લોભ, કબાટો ભરી,
ખાનાંઓ ભરી, ગોખલા, ખૂણા, ગોદામ, માળિયા ભરી, ઠસોઠસ;
સમયમાં પડેલી તડ એ પુસ્તકમાં કરેલી અન્ડરલાઇન જેવી નથી
કે જ્યાં ફરી ફરી પાછા જઈ શકાય, કે જ્યાંથી ફરી પાછા ફરી ન
શકાય, ને આ તડ શું ગ્રસી જશે, કંઈ કહેવાય નહિ, બોર્હેસ તો
કહે છે કે સ્વર્ગ એ કોઈ લાઇબ્રેરી જેવું હશે, જો કે પુસ્તકના
પાનાને એક ખૂણેથી વાળીએ તેમ સપનાને વળ દેવાતી નથી,
ને છે આ થોડી વાતો જે હજી પણ કરી શકાય છે, જેમ કે આ
આયખાનો કોઈ ઘાટ ઘડાતો નથી, કોઈ કવિતાનો ઘડાય તેમ.

## ૨. લોકડાઉન : ચોમ્સ્કી અને બુદ્ધ

અને પછી તો આટલી પણ વાત નહિ થઈ શકે, આ રીતે પણ
વાત નહિ થઈ શકે. હાલમાં એક મુલાકાતમાં ચોમ્સ્કી જણાવે
છે : વાઇરસ એ સમસ્યા નથી, આપણા વ્યવસાયનું મૉડેલ
સમસ્યા છે. બેફામ, બેસુમાર, બેહદ નફો, કોઈ પણ ભોગે
નફો. એટલે કોઈ પણ ભોગે. આ ગ્રહના ભોગે પણ. બીજું બધું
તો શું ગણાવું? કે કેટલું ગણાવું? તમે એ બધું જાણો જ છો.
આ લોભ ક્યાં જઈ અટકશે? અટકશે? લગભગ અઢી હજાર
વર્ષ પહેલાં ગૌતમ બુદ્ધે કહેલું કે આપણી મોટા ભાગની
પ્રવૃત્તિઓ અને આપણા મોટા ભાગના સંબંધો વ્યાવસાયિક
પ્રવૃત્તિના મૉડેલને આધારે ઘડાયેલા છે. એટલે વ્યવહાર કે
લેવડદેવડનું મૉડેલ. એમણે મૉડેલ એવો શબ્દ નહોતો વાપર્યો.
આ તો ચોમ્સ્કીની વાત સાથે પ્રાસ બેસાડવા. એક બહાર
જોનાર. દેશની, સરકારની, કંપનીઓની દરેક ચાલને તપાસનાર.
એક અંદર જોનાર. ચિત્તની અટપટી સ્થિતિઓને, ભાવની
આંટી-ઘૂંટીઓને, વિચારના દરેક સંચલનને તપાસનાર. બહારના
ડેટાનું એનાલિસિસ કે અંદરની સ્થિતિઓનું નિરીક્ષણ,
લગભગ સરખું. એમ કહી શકાય કે જે અંદર છે તે જ બહાર,
ને જે બહાર છે તે જ અંદર, કદાચ. અંદર ને બહાર એ
તો માત્ર મેટાફર, ભાષાએ ઊભો કરેલો ભ્રમ. જે જાતમાં છે
તે પરિવારમાં, જે પરિવારમાં તે જાતમાં, એવું ક્યાં નથી જોયું
આપણે. જે પરિવાર ને સમાજમાં તે સમાજમાં, તે દેશમાં, તે દુનિયામાં.
જે અંદર નથી, તે બહાર પણ નથી, જે બહાર નથી તે અંદર
કઈ રીતે હોય? ફળિયાં સૂનાં, ચોક સૂમસામ, શેરીઓ ભેંકાર.
આમ જુઓ તો આ વાઇરસ છે, બહાર, ને અંદર. તેમ જુઓ
તો મેટાફર. આ ચોમ્સ્કી અને બુદ્ધ તો આ કવિતાનાં પાત્રો છે,
કહો ને ડિવાઇસ. બુદ્ધ હવે નથી, ચોમ્સ્કી નહિ રહે, આ
વાઇરસ હમણાં છે, ભલે, પણ નહિ રહે. ફળિયાં, શેરી, ચોક
આમ સૂનાં નહિ રહે. જોતજોતામાં બધું પહેલાં જેવું, સમુંસૂતરું
થઈ જશે. પણ પેલા મૉડેલનું શું?

## કાનજી પટેલ * પ્રલય અલગથી નહીં આવે

મર્યાની ખબર
રોજ કાળા અક્ષરે આવે છે.
મરેલું જોવા મળતું નથી
અનેક રીતે મરેલા સાથે
ધોળી રાત્રે વાત મંડાઈ છે

ધરમ માટે ગાડી સળગી એમાં
એના પછી સર-એ-આમ કત્લ
આપણે હાર્યા ને મર્યા
બંધી પર બંધી આવી
ખબરી, આગેવાન ખસ્સી કર્યા
જીભને માર્યું તાળું
પછી હોજરીને માર્યું
છેવટે હાથેપગે
ધીમે રહીને મગજ પર
ચાંપતી કરી નજર
મગજબંધી કરીને કહ્યું
હવે દેશભક્તિ કરો
નહિ તો દેશદ્રોહી ઠરો

હવે સમજાયું કે ભણતર ને કળા
કદીય નહોતાં એટલાં થયાં ગહન!
ભાષા કેટલી રસમય!
વારસો અપૂર્વ ગૌરવવંત!
દેશ પંખીના માળા જેવો આત્મનિર્ભર!
વાતો કરીને ગામના ચોરે ખાટલા થાક્યા!
વ્યસન ખૂટી ગયાં!
પંખી માટે આંગણાંમાં ચણ બિછાવેલું
એય એમનું એમ પડ્યું
રહી કોઈ કમી?

ઊંચા હાથ કરી કોઈ રોયાં
કોઈ હસ્યાં તો પાગલ ઠર્યાં
કોઈ બોલ્યાં તો મોબલિંચ થયાં
આક્રોશ કર્યો તો અર્બન નક્સલીનો થપ્પો
ધરાર જુઠ્ઠામાં હોંકારો ભર્યો
તો અવ્વલ ઇનામ અને માનપત્ર મળે
કલ્પના, મૌલિક વિચાર બંધ
આઝાદ કળા બંધ
હવે શું બાકી છે સર્વનાશમાં?

જાતભાતના નરોએ
રાજધાનીથી માંડી ગામ સુધી
એડીચોટીનું જોર લગાવ્યું
આદિવાસી, દલિત, ખેડૂત, મજૂર કમોતે મરે
એરણની ચોરી કરીને
સોયનું દાન કરનારાને લાલ જાજમ પાથરે
પરસેવે દેશને રળિયાત કરનારાને
સંકટમાંય રાજાની અમી નજર ન મળે
તોય રાજાની ફકીરી વખણાય
ભક્તો ને ચાપલૂસો ભક્તિ અને ભય ફેલાવે.
હવે કશું રહે છે?

વેદવેદાન્ત ભણીને
કરોડો ગરકાવ થયા ગાઢ અંધકારમાં.
જે ન ભણી શક્યા
જેમને ન ભણવા દીધા
એ એનાથીય ગાઢા અંધકારમાં રાખ્યા
શોષણ અને ભય પૂરા પાયે ફરી વળ્યાં
શું કહેવું?

લોકે માગ્યું હતું ને મળ્યું
ધિક્કારની મહામારી વર્ષોથી પાળી
એનું શિખર હમણાં બંધાયું
એક દૃશ્ય મહામારી પહેલાંથી હતું
એમાં બીજી અદૃશ્ય મહામારી આવી

મનોબળ ટકે માટે કહું
પ્રલય કાંઇ અલગથી નહીં આવે.

## રમણીક સોમેશ્વર * એક કાવ્ય

બધું જ અટકી ગયું
હતું ત્યાંનું ત્યાં
અથવા
હોવું જોઈએ ત્યાં
કે
ન હોવું જોઈએ ત્યાં
ક્યાં? અને કેમ?
એવા પ્રશ્નોનો
કોઈ અર્થ ન રહ્યો
અને
ચાલતું રહ્યું કશુંક
દોડતું
કે
ઊડતું
શા માટે?
એમ પૂછી શકાય
એવુંય ન રહ્યું

જે ચાલે છે
એને
રોકી શકાતું નથી
જે રોકાયેલું છે
તે છે સ્તબ્ધ!
ચલિત-વિચલિત
છતાં
અ-ચલ
દંતકથાઓમાં
ખોડાયેલી
શિલાઓ જેવું
યુગો સુધી જીવતું
છતાં

મૃત

હું
તાકું છું
પુરાકથાઓમાં
એનો
તાગ મેળવવા
અને જોઉં છું
વર્તમાનને
પુરાકથામાં ફેરવાતો
ક્યારેક
હાથમાં હલેસું
ક્યારેક નાવ
ક્યારેક
પાતાળો ભેદતી
વાવ
ધાર કાઢેલા
પથ્થરોથી
જૈવિક
વિસ્ફોટ સુધી

બધું જ
થંભી ગયું છે
આ ક્ષણે તો
સાવ
મારી આંખો સામે
અને
સમય પણ
ફર્યા કરે છે જાણે
એકની એક ધરી પર
ગોળ ગોળ

## વિપાશા * એક કાવ્ય

જન્મીશ હું
આવતી કાલે
આજે તો લાવ
જરા
મરી જઈ જોઉં
પૂરેપૂરું

અફાટ રણભૂમિ
અખૂટ હત્યાઓ
સૈનિક ગુમ.
*
રોજ સ્મશાન ફરું
રોજ ઘરે આવું
સ્મશાનો ભરી
મારી અંદર.
*
જાનવર દોડાવે
હું દોડું
અટકી અટકી
જમીન અંદર
નખો ભરાવી.
*
દુઃખ દુઃખ
તે કેટલું પણ?
સાચે પણ?
કે પછી મારું મગજ
એટલે દુઃખ?
*
જીવન ચોકઠાંઓમાં ચાલ ચાલવાનું
ભૂલ્યું
ક્યારેક
ધીરે ધીરે ચોકઠાંઓમાં
ગરવા માંડ્યું
કોઈ વાર ડોકાયું હતું
તડોમાંથી
ચોકઠાંઓની
હવે ચોકઠાંઓ જ દેખાય છે
તડ વગરનાં

*
મન-ઘોડાઓ
રાક્ષસ
ગરભે
મન-ઘોડાઓ
રાક્ષસ
જનમે
મન-ઘોડાઓ
બચુકલા
રાક્ષસ
વાગોળે
મન ઘોડાઓ
અલમસ્ત
રાક્ષસ
ઑકે.
*
ચેપ ચેપ કાદવોમાં
ઘસડાઈ
નસો તાણે
એમ તણાઈ,
ચાલ જઈએ
પેલા
અણ દેખેલ
ગામ.
*
નસ રૂંધાય
છે
શ્વાસ દબાય
છે
શરીર પીંજાય
છે
કેમ હજી
ચાલુ છે?

**વર્ષા દાસ * આ તે કેવી દૈવી શક્તિ!**

આકાશ કેટલું બધું દૂર...
બદલાતું ને ખોવાતું,
પણ શિયાળાનું ધુમ્મસ જ્યારે ઊતરે
મારી પાસે આવીને જાણે મને ભેટી પડતું

સૂરજ તો વળી ઘણો વધુ દૂર
તગતગતો ને પહોંચ-બહાર
પણ એનાં કિરણો જ્યારે પંપાળે
મારો જીવડો જાણે જીવી ઊઠે

પશ્ચિમના આકાશમાં શુક્ર
ઉજ્જ્વળ અને ઝગમગતો
નિરંતર આનંદ આપે
જાણે મળી ગયો જૂનો દોસ્ત

હજારો પ્રકાશવર્ષ દૂર છે છતાં
એ ઉદારમનાં મહા-તત્ત્વો
આયખાના દાયકા વીતી જાય તોયે
પસરાવે મારા બાહ્યને ને અંતરને!

તો પછી શા માટે
માણસનું દૂર થવું ખટકે છે?
અદૃશ્ય 'તાજ' જીવન શાને ભરખે છે?
દેખાતાં તત્ત્વોનું હેત સતત વરસે છે!

ક્યાંક ખરેખર કંઈક ખૂબ જ ખોટું થયું છે ...
શું કોઈ નવો શત્રુ જન્મ્યો છે?
અને તક જોઈને ત્રાટક્યો છે?
કે પછી ચૂપચાપ આશિષ ઝરાવે છે ને
ઉઘાડાં પાડે છે સ્વાર્થ, લોભ, ઘમંડને
માણસ ધૂળ બની જાય તે પહેલાં?

પવિત્ર ગ્રંથોએ ચેતવ્યા છે :
*‘જ્યારે દુષ્ટનું સામ્રાજ્ય પ્રવર્તશે*
*જ્યારે માનવહૃદયમાંથી*
*કરુણા અને ઉદારતા અદૃશ્ય થશે*
*ત્યારે માનવજાતિને બચાવવા*
*દૈવીશક્તિ ધરતી પર ઊતરશે’*

કોવિડ-૧૯ એ દૈવીશક્તિ તો નથીને?
કદાચ અવતરી છે નવો વેશ ધારણ કરીને,
બે પગાને માણસ બનાવવા ખાતર,
સૌ સારા-નરસાને ચાળણીમાં ચાળીને
નવો પાઠ ભણાવવા ખાતર,
અંદરની જ્યોતને ઓળખીને
વિષને અમૃત બનાવવા ખાતર

## રાકેશ દેસાઈ * લૉકડાઉન અષ્ટક

**૧. ગલી**

બારી બહાર એટલો તો સન્નાટો છે
કે ગુપચુપ ધપતા કોરોના વાઇરસનો પગરવ સાંભળી શકાય.
મારી જ ગલી
સરનામું ભૂલી ગયેલા કોઈ અજાણ્યાની જેમ
અવાચક ઊભી રહી ગઈ છે.
દિવસોથી પાર્ક થઈને પડી રહેલાં
સ્કૂટર-કાર
જાણે રસ્તાની બાજુમાં ઝાંખરાંની જેમ
ઊગી નીકળ્યાં છે.
મોઢે માસ્ક પહેરીને નીકળેલા
ને ચિંતાગ્રસ્ત કપાળવાળા
બેત્રણ જણાની ઝડપી ચાલથી
કાર નીચે સૂતેલા કૂતરાનો કાન સરવો થાય છે,
પણ એની કાબરચીતરી ડોક લંબાય એ પહેલાં
સૂનકારાની સપાટી પાછી સમથળ થઈ જાય છે.
ઘરનાં પગથિયાં, સામેના મકાનની બાલ્કની,
દૂરનો વીજળીનો થાંભલો, લોકલ ડેરીની બંધ કેબિન
અવાજના દરિયા-કિનારે
ઓટમાં બહાર નીકળી આવેલા ખડકોની જેમ
ઊભાં છે.
ગલીમાં મારી ચોરનજર સિવાય કશું જ ફરતું નથીઃ
બધાં જ ઘરોની દીવાલોમાં ઈંટો પણ
જાણે ચણાયેલી નથી,
થંભી ગયેલી છે.

## ૨. ઘર

સૂનકારાની ચઢાઈને ખાળવામાં
ઘર
અવાજનો કિલ્લો બની બેઠું છે.
અવાજ ને એનો પડઘો
કોરોના વાઇરસની
સ્મશાનવત્ ચુપકીદીને
અપડેટ્સની ટી બેગમાં ભરીને
રિપીટ સિરીઅલ્સ, રિપીટ રિયાલિટી શોઝ, રિપીટ હિન્દી પિક્ચરના
કપમાં
રિપીટ ઝબોળતા રહે છે,
ને કિચન પ્લેટફોર્મ પર યુ ટ્યુબની ટિપ્સ મુજબ કરતબ કરીને–
ચીઝને એક સરખી જાડાઈમાં કાપીને,
રોટલીને એકસરખી ગોળાઈમાં માપીને–
પિરસાયેલી પ્લેટમાં
નિરાકાર ભયની ભૂમિતિ રચીને ભરખે છે, હરખે છે...

પણ અમારા અવાજના રાજમાં
દુશ્મન દેશના જાસૂસ જેવો
ક્યારેક પવનમાં થતો બારીનો અથડાટ
ચોંકાવી દે છેઃ
જાણે સૂક્ષ્માતીત અદીઠ કાળ
લાગ મળતાં જ
કરાળ વિકરાળ ફાળ ભરીને
વાળ ઝાલીને ગળા પર દાંત ખૂંતાડીને
ચસ ચસ નસ ચૂસવા
દ્વાર બ્હાર પડથાર પાર
ટાંપીને ચૂપચાપ બેઠો છે...

છવાઈ ગયેલા મૌન સામે
હું ઝડપથી ટીવીનું રિમોટ લઈને
અવાજની તોપમાં
જામગરી ચાંપું છું.

### ૩. કુટુંબ

જંગલમાં લાગેલા દવમાં
વૃક્ષો
દાઝેલાં-ખરેલાં ડાળી-પાંદડાંની પાર
પોતપોતાનાં મૂળ ભણી
મીટ માંડીને ઊભાં હોય એમ
હવે આખીયે માણસજાત
પોતપોતાના કુટુંબમાં જ બચેલી-મચેલી છે.

આ ચાર ગળાએ ગરમ પાણી પીવું જોઈએ,
આ આઠ હાથ સાબુથી ધોવાવા જોઈએ...
હું બાના કરચલીવાળા હાથને પંપાળી આવું છું,
દીકરીના માથાને પસવારી આવું છું,
પત્ની સાથે જૂની મીઠી સ્મૃતિ તાજી કરું છું.
કી હોલમાંથી જોતાં વાઇરસને
અમે શરમમાં નાખવા મથીએ છીએ.

ઘણા વખતથી બંધ હેર ડ્રેસિંગ સલૂનને કારણે
વધી ગયેલા માથાના વાળ જેવી
વધુપડતી નિરાંતની
અમે કાપકૂપ પણ કરીએ છીએઃ
ઘરડાં મા પથારીમાં માળા કરીને,
પત્ની મની પ્લાન્ટને નવી જગ્યાએ ગોઠવીને,
દીકરી સેલફોન પર ચેટ કરીને,
હું જૂનાં છાપાં, સામયિકોની થપ્પી બનાવીને.

અમે પોતપોતાની લતમાં રહીને,
તોય એકબીજામાં રત રહીને,
એકધારા સમયના સતને જીવીએ છીએ.
અમે એકબીજાને
વાઇરસથી પણ વધુ સૂક્ષ્મ અને રવહીન રીતે
ચાહીએ છીએ.

## ૪. ટોળું

લિપિ વગરની બોલી જેવું
ચાલીસપચાસ જણાનું ટોળું
હાઇવે પર નીકળી પડેલું દેખાય છેઃ
મોં પર બાંધેલાં રૂમાલ-માસ્ક,
કો'કના માથે ફાળિયું, કો'કના માથે કેપ, કો'કના માથે પોટલું,
ધૂળિયા, કાળી મજૂરી જેવી ચામડીમાં પસીનેવાન, ઘસાયેલાં પેન્ટ્સ-શર્ટ્સ,
ગમગીન પણ સંગીન ચાલમાં
કમર સાથે અથડાતા ખભેથી લટકતા થેલા
કે હાથમાં ઊપસેલી નસે ઊંચકાયેલી સેકન્ડહેન્ડ લાગતી બેગ્સ.

એમની ભારેલી નજર
તણાઈ-દૂણાઈને દૂર મંડાયેલી છેઃ
વરાળ ઓકતા હાઈવે પર
દૂર ઝળૂંબતા ઝાંઝવામાં
વતનમાં નેજવે વાટ જોતો હાથ ભાળીને
એમાંના કો'કનું ગળું ભરાઈ આવે છે.

નિર્વિકલ્પ
છેલ્લે બાકી બચેલા બે પગ પર
સતત લંબાતા જતા હાઈવે પર
મરતા માણસના ટૂંકાતા જતા શ્વાસ જેવાં
ડગ ભરતાં ભરતાં
એમણે વાઇરસ સામે
કેસરિયાં કરી નાખ્યાં છે.

હું અધ્ધર શ્વાસે
ટીવી સ્ક્રીન પર
આ રિયાલિટી શોને
જોઈ રહું છું.

### ૫. સ્પર્શ

માણસ
ટેરવું થઈ ગયો છે,
ને દરેક ટેરવું
હજી અડધા જ વંચાયેલી કોઈ ક્રાઇમ થ્રિલરના દરેક પાત્રની જેમ
શંકાસ્પદ ખૂની છે.
વારંવાર હાથ ધોતી શેક્સપિયરની લેડી મેકબેથ
હવે લોકહિતાર્થે સરકારી જાહેરાત જેવી લાગે છે.

એકમેકને ચુંબન કરતું નવપરિણીત યુગલ
કે મોઢું નાખી નાખીને બચ બચ ધાવતું શિશુ
કે પૌત્રના માથાની લટને સવારતા દાદીના ઘરડા હાથ
કે પથ્થર થઈ ગયેલી અહલ્યાને
સજીવન કરતા શ્રીરામનો પાદસ્પર્શ
સ્મૃતિ રૂપે
શરીરના અવશિષ્ટ અંગની જેમ
સચવાઈ રહ્યા છે.

શંકા અને વાઇરસ વચ્ચે
ફેલાવાની ગળાકાપ સ્પર્ધામાં
મારા ચહેરા માટે મારા સ્પર્શનો પણ બાધ છે,
સ્પર્શ હવે લાગણી નથી, લાગ છે.

### ૬. પીળી ચકલી

ધોળે દહાડે ધ્યાન બહાર રહેલી
ને અંધારે કડકતી વીજળીમાં દેખા દેતી
મંદિરની ફરકતી ધજાની જેમ
માણસ સિવાયની દુનિયાનું તાળું
લોકડાઉનમાં
ખૂલી ગયું છે.

બહાર જાસૂદની પાતળી ડાળી પર
ફડ ફડ બેસીને હિંચ લેતી કોઈ પીળી ચકલી

હવાને પીળીચટ્ટ ચકચકથી રંગી દે છે.

કમ્પાઉંડ વોલ પર આગલા બે પગ ઊંચા કરીને કશુંક ફોલતી-ખાતી ખિસકોલી
મનફાવે ત્યારે સૂમસામ રસ્તાને સામે પાર દોડી જાય છે,
ને ગલીમાં ગયે મહિને વિયાએલી કૂતરીની પાછળ
બિનરોકટોક ગલોટિયા ખાતું
બદામી ગલૂડિયું
વામનની જેમ
બલિ જેવી ગલીને અંકે કરી દે છે.

માનો કે ન માનો પણ
છાતી કાઢીને ફરતી
લોક-શાહીની પીઠ તો
જીવ-શાહી છે.

**૭. મંદિર**

વતનમાં બંધ પડેલા બાપીકા ઘર જેવા
આ બંધ થયેલા મંદિર પાસેથી પસાર થતાં
પગ ધીમા પડી જાય છે,
ને ફિલિપ લાર્કિનના
*અ સિરિયસ હાઉસ ઓન સિરિયસ અર્થ* જેવા
મંદિર સામે માથું સ્હેજ ઝૂકી જાય છે.
વાઇરસ મૃત્યુ આપી શકે છે,
પણ સદ્‌ગતિ તો અહીં જ મળે છે.

પણ અહીં કશુંક ખૂટે છે.
અંદર સૂના ઘંટ પર
બેઠેલા કબૂતરની પાંખના આછા ફફડાટ
ને નીકળી આવેલા પવનમાં
એની ટોચે ફરકતી ધજા સિવાય
આ મંદિર જાણે લાંબી ઊંઘમાં સરી પડ્યું છે.
એને કદાચ ફૂલપત્તી-આરતી-ધૂપનું
સપનું આવી જતું હશે...
મૂર્તિ સામે વાગતા ઘંટ અને પ્રગટેલા દીવા વગરનું

મંદિર જચે ખરું?
ઈશ્વરથી મંદિર પૂરું છે,
પણ માણસથી મધુરું છે.

## ૮. હું

ઉત્ક્રાંતિની વડવાઈમાં
લળી-ફળીને પાંગરેલી
માણસાઈ
'હું' કરતાં સવાઈ છે.
હું
મારા હાથ લંબાય ત્યાં લગી અડી શકું,
ને બહુ બહુ તો
પડછાયો થઈને થોડેક દૂર સુધી પડી શકું,
પણ મારી જાતનો સંદર્ભ
તો પૃથ્વી પર વિસ્તરેલું લીલુંછમ દર્ભ છે.
હું સુપ્ત હોઉં કે તૃપ્ત હોઉં
હું લુપ્ત હોઉં કે મુક્ત હોઉં
પણ હું સતત સંયુક્ત હોઉં છું.

પણ હું,
હિરણ્યકશિપુ,
રાત અને દિવસ
અંદર અને બહાર
નર અને સિંહ
જેવા ભાગલાની ભૂરકીથી ભરમાઈશ
તો સાંજે ઉંબર ઉપર
નરસિંહના નહોર નીચે હોઈશ
હું.

## મેહુલ દેવકલા * નવમા દિવસે

જીવનાનંદ દાસની કવિતા
બાજુમાં મૂકીને
કલમ પકડું છું

લોકડાઉનના
આઠમા દિવસની રાતના સવા એક વાગે
કે પછી
નવમા દિવસની સવારના સવા એક વાગે
કંઈક સૂઝ્યું છે

દિવસ અને રાત્રિ જાણે
ભેળસેળ થઈ ગયાં છે

રાતના એકાન્તમાં
સિમેન્ટના રસ્તા પર
વૃદ્ધ ચોકીદાર
દંડો પછાડી
એકધારો અવાજ કરી રહ્યો છે

સવારે છ પહેલાં તો
પપ્પા બહારથી દૂધની થેલીઓ લઈ લેશે
ગરમ પાણીમાં ઝબોળશે
અને ચુમોતેર વસંતોમાં નહીં સૂંઘેલી
સેનેટાઇઝરની સુગંધ હાથમાં ભરી લેશે

બે દિવસ પર
બેડરૂમની બારી ખોલતાં
નાકને જાણીતી વાસ આવી
પણ આમ અચાનક?
એ પણ સીમાડા બહારથી –
નાળું, ખેતર, ઝાંખરાં, વસાહતો

વટાવીને
અહીંયાં છેક સુધી આવી ગઈ આ વાસ
આ વાસ છે મૃતદેહોના બળવાની
દૂરના સ્મશાનેથી આવી ચડી છે
આમ અચાનક –

આ સ્મશાનવત્ બનેલા શહેરમાં
છડેચોક
દિનદહાડે
આ વાસને નાક ઓળખે છે
ઑફિસની નજીક આવેલા બાગની દીવાલ
સ્મશાનને અલગ પાડે છે
ભડભડ ચિતા સળગતી હોય
વરસાદી વાતાવરણમાં
એનો ધુમાડે ઊંચે ચડે ન ચડે
ત્યાં જ ફેલાવા માંડે
દીવાલની આ તરફ બાગમાં
ગાઢ આલિંગનમાં ચુંબનરત
રતિક્રીડામાં મગ્ન યુવા જોડાં
અને
સ્મશાનનો ઘેરો
ભૂખરી ગંધવાળો ધુમાડો
ઘેરી વળે...

## ૧. કોડિયાનું અંધારું

મેં પ્રગટાવિયું એક કોડિયું
તો કેમનું ઊભરાયું અંધારું
હમણાં લગી લપાઈ
બેઠું'તું છાનુંમાનું ખૂણે
આ કેમનું કરતું તાંડવ
આંખ સામે નાચે અંધારું
દબડાવીને દાબીને રાખ્યું'તું
સાવ ભોંયને તળિયે
કરે જરીય ન માથું ઊંચું એટલે
મૂક્યાં તા વજન ભારેખમ
શરમના એને શિરે
મોં મહીં પણ દાબ્યો'તો
એક ડૂચો ખાસ્સો મોટો
દરવાજાનેય માર્યો તો
મેં યાદ કરીને કૂંચો
કેમનું તોડીફોડી મર્યાદા
ફરે થઈ સાવ નિર્લજ્જ
ખુલ્લેઆમ અહીં આ અંધારું
ઝીણા ઝીણા પ્રગટાવેલા
દીવડાની એ ઝાંખીપાંખી
પ્રેમજ્યોતમાં ઘૂસી ઘૂસીને
કરતું મેલું, કાળું, લાલ
વિષભર્યું, લોહિયાળ
હતું કદી જે પીળું એ
સઘળુંયે અજવાળું.
કોણે હટાવ્યા પથ્થર માથેથી?
કોણે ખોલી દરવાજાની કૂંચી?
કોણે ખેંચી ડૂચો મોંનો
કરી એની જીભ લવલવતી?
કોણે જાણ્યું'તું પ્રગટાવે કોડિયાં

નીકળી આવતું હશે
આમ કંઈ અંધારું?

**૨. કોણે?***

કોણે એમને જાકારો દીધો?
કોણે પાછળ કમાડ દીધાં?
કોણે રસ્તે કીધા રઝળતા?
કોને પેટે પાટુ દીધા?
કોણે એમના રસ્તા રોક્યા?
કોણે કરિયા નજરકેદ?
કોણે ભૂલ્યાં સપનાં
વળી પાછાં કીધાં?
કોણે જઠરાગ્નિમાં હોમ્યા
બળબળતા નિસાસા?
તરફડતા ગળામાં કોણે
કોણે યાદના ડૂમા દીધા?
ઘરઆંગણ, ગામનાં ફળિયાં,
ખેતરના શેઢાના, ને નાનાં બાલુડાંના
અવાજ મીઠા
કોણે આ વાસી રોટલીઓ, તીખી મરચાંની ચટણી
ભેગા એ સૌને એ બાંધી દીધા?
કોણે એક એક સૂકા કોળિયે
કોણે એમને આશાનાં ઘેન દીધાં?
સાવ ઉજ્જડ ટ્રેનની પટરી તળે
ઠોકી બાંધેલા એ સાલના પાટિયાએ
ગામની બહારના જંગલના
હશે જરૂર સમ દીધા
બાકી કોણ મૂરખ હોય
કોણે હશે એમને
સપનાંનાં સુંવાળાં બિછાનાં દીધાં?
બાંધવગ્રહના સોળ ભાઈઓને
કોણે પથ્થર થવાના શાપ દીધા?

---

** ૧૮ મે-ના મળસકે રેલવેના પાટાઓ પર માર્યા ગયેલા પ્રવાસી શ્રમિકો માટે.*

એક નહિ બે નહિ સોળ સોળ વિષ્ણુને
કોણે શેષશૈયા પર સૂતા કીધા?
કોણે એમના પગના અંગૂઠેથી
આ ચન્દ્રગંગાના
લાલચટક ધોધને
દદડતા કીધા?
કોણે પાટા ઉપર
ચપ્પલ આમ રઝળતાં કીધાં?
પાપ લાગે આપણને!
કોણે અડધા ખાધા રોટલા
પગ તળે ચગદાતા કીધા?
કોણે?

**૩. લાલ કીડીઓ**

રસોડાના પ્લેટફોર્મ પર
ખાંડ ઢોળાય ત્યારે
કે પછી કોઈ વંદો મરી ગયો હોય ત્યારે
બારસાખના નીચેના ખૂણામાંના
દરમાંથી નીકળી
ઊભી સીધી... જમણે... નીચે...
ને પછી એક લાંબી લીટીમાં
થઈ આવી પહોંચતી
એક પાછળ એક
શિસ્તબદ્ધ હરોળમાં ચાલતી
કામદારો જેવી
ઝીણી લાલ કીડીઓ

એક ખાંડનો ટુકડો
આખેઆખું વંદાનું ખોળિયું
ઝાલી, ખેંચી પાછી વળતી
એમ જ એકની પાછળ એક.
એ કીડીઓને જોઈ એને
બહુ ચીતરી ચડતી
ઘાંટા પાડી પાડીને એ

માને બોલાવતી કીડીઓની ખબર લેવા

તે આજે જાણે
વરસો જૂનો હિસાબ
બરોબર કરવા માગતી હોય
એમ ચડી આવી
ખબર નહિ કેમની
આ અડધી રાતે
કોઈ ભયાનક સપનાની જેવી
અઢળક લાલ કીડીઓ
એના ઘરમાં.
કોઈ હરોળ વિના
કોઈ નિયમ કોઈ શિસ્ત વિના
મા દર પર ગેમેક્સિંગનો પાઉડર છાંટે
ત્યારે બહાર નીકળી આવતાં
બેબાકળી તરફડતી કીડીઓનાં ટોળાંમાં ન હોય
એમ ઊભરાઈ રહી આ કીડીઓ એના ઘરમાં.
એક વાર ઝડપથી ઝાડુ કરી
બહાર બગીચામાં ફેંકી
ફટાફટ બંધ કર્યા દરવાજા
ત્યાં તો
બારીઓની ફાટમાંથી
દરવાજા નીચેની સાવ સાંકડી
ન દેખાય એવી જગામાંથી
ચાવીના નાના કાણામાંથી
બારસાખની તિરાડમાંથી
બાથરૂમના ખાળની જાળીનાં
એકેક ઝીણા કાણામાંથી
ફરસ પર એક એક લાદીની વચ્ચે
ભર્યા સફેદ સિમેન્ટના પોલાણમાંથી
સ્વિચબોર્ડ ને દીવાલ વચ્ચેની
સાવ અમસ્તી તડમાંથી
કબાટોની અંદરના અંધારામાંથી
એના ખાટલા નીચેના ખાલીપામાંથી

ઊભરાઈ, ઊભરાઈ ને આવી રહ્યાં
બેબાકળી કીડીઓનાં
ટોળેટોળાં
કોઈએ વેરવિખેર કરેલાં
તોડેલાં, ખતમ કરી નાખેલાં
એમનાં ઘર શોધતી
કોઈની ચપટીમાં
કોઈના ચંપલ તળે
ગૂંગળાઈ ગયેલાં
જીવન શોધતી
પોતાનાં દર શોધતી
ભૂખી, તરસી,
ભરીને અંદર
ભારોભાર ચટકા
તરફડતી લાલ કીડીઓ.

**બકુલ ટેલર * અવસ્થા**

આખો વખત શરીર શરીરને વળગીને પડ્યું રહે છે,
કહું છું કે ઊઠ, ઊઠીને પાણી પી
ઊઠ અને ચા બનાવ,
ભાવે તો સાથે ખાખરા ખા.
ઊભા થઈ પુસ્તક પાસે જા,
ઉઘાડ અને વાંચ
ત્યાં પેલાને ગાળ દેવી હોય તો દઈ આવ
યા તને ગમતી સ્ત્રીને ચૂમી આવ
ભૂખ હોય જને,
તો થોડું ખાઈ લે
આમ પડ્યા ન રહેવાય, પોતાને વળગીને.
પણ એ આડું ફાટ્યું છે
કાંઈ કરતાં કાંઈ જ કરવું નથી એને
એક થીજેલી નદી પથરાઈ ગઈ છે શરીરમાં.

પવન પડી ગયો છે,
શિરાઓમાં પાંદડાં ખરે છે.
શરીરે હવે શરીરમાં રહેવું નથી
પણ ઊભા થવાતું નથી
રાત અને દિવસ,
ગ્રહ-નક્ષત્રોના અર્થ ખોઈ બેઠું છે.
ન સંભોગસુખની ઉત્તેજના,
ન ભૂખ, ન સ્વાદ
ઊઠ કહું છું, ઊઠ,
પણ શરીરના કળણમાં શરીર
ઊંડે ઊતરતું જાય છે
હાથ-પગ હલાવ્યા વિના,
પાંપણોય પલકાવ્યા વિના.

ઢળતી વસન્તે
સૂર્યોદયની આસપાસ
બધું વહેલું વળગી પડે છે.
    આ સૂનકારભરી સવારે
    સક્કરખોરનાં બે જોડાંનું તોફાન
    મારી નજરને સતત દોડાવે છે.
    હવાની પીઠ પર
    મોરપિચ્છરંગી લસરકા ચીતરી
    સક્કરખોર
    મસ્તીથી મધુપાન કરે છે.
    સવારની આછી ઠંડકમાં
    પરસ્પરની આગળ-પાછળ થતી
    ઊડાઊડ
    ને સિસોટી સમો
    કાળો-ભૂરો સ્વર
    તન-દૂરીના આ સમયમાં
    મને રાજી કરતી ક્ષણોનું
    દાન દે છે.
થાક્યા વિના આવ-જા કરતો આ રસ્તો
દિવસોથી વધુ સાંકડો ને સાંકડો
બનતો રહ્યો છે.
હાલમાં ધુમાડા, ઘરઘરાટી, હૉર્નની ચિચિયારી
વિનાના
આ ખાસ્સા પહોળા રસ્તે
વૃક્ષોને, પાવાગઢને, પડતા ધોધને, તળાવને
અને તને, મને, સૌને
ધ્યાનથી જોવા, સાંભળવા, સૂંઘવાના
આ દિવસો
અચાનક આવી મળ્યા છે.
*

આપણે સૌ
આપણા આ જગતમાં
નવેસરથી
ધબકાર સાથે
જીવતાં-જિવાડતાં શીખીશું
કે...

## હેમાંગ દેસાઈ * એક કાળું કાવ્ય

*ધનસિંઘ ગોન્ડ, નિર્વેશસિંઘ ગોન્ડ, બુદ્ધરાજસિંઘ ગોન્ડ, અચ્છેલાલ સિંઘ, રબેન્દ્રસિંઘ ગોન્ડ, સુરેશસિંઘ કોલ, શ્રીદયાલસિંઘ, નેમશાહસિંઘ, મુનિમસિંઘ, રાજબોહરામ, પારસસિંઘ, ધર્મેન્દ્રસિંઘ ગોન્ડ, વીરેન્દ્રસિંઘ, પ્રદીપસિંઘ ગોન્ડ, ચેનસિંઘ સંતોષ, નપિત બ્રિજેશ, ભેયાદીન, શિવરતનસિંઘ, દીપકસિંઘ**

પૂનમની કાળી રાત
ચંદ્રનો ધ્વજ આજ
અડધી કાઠીએ ફરકાવ.

આરીની અણીએ આવતા દીવડા
દેહની વાટ પકડી ચાલતા દીવડા,
– એમના કાનમાં ગુંજતા ચીબરીના પરજિયા
કાળી શગને છેડે ટમટમતું મનનું ઉમરિયા –
બળતા અંધારના જંગલ પાછળ
દૂર સુદૂર ચમકતી વાઘની આંખ
બોલાવતી રહી પલક પલકને
ઓરા આવતા રહ્યા ઝાંઝવાઘર, ઝલક ઝલક.
હવે સૂતા છે, અળસતી નનામી પર,
ઠરી ગયેલા અંગાર, એક, બે, ત્રણ...હજાર.
રડ, કકળ, કર આક્રંદ આર્તનાદ, પણ નામ આપ,
દિશાઓ ઘૂંટણિયે પડશે, સમય ફરી એકડો કરશે, ઠામ આપ.

ગાળેલી રાતનો કસુંબો કાળો
પીએ તેજીલી બપોર, નવી સવાર,
ઘેરાતી આંખ જેવી સાંજ પાણીદાર
સઘળા ઊંઘે ઘસઘસાટ,
ભીંત તરફ પડખું ફરી.
એમના સપનામાં એક ટોળું,
ભીંત તરફ પડખું ફરી

---

** ૧૮ મે-ના મળસકે 'ઔરંગાબાદ રેલ-દુર્ઘટના'માં 'શહીદ' થયેલા 'પ્રવાસી' કામદારો*

ઊંઘતું ઘસઘસાટ,
સપના જોતું ટોળાંના,
ભીંત તરફ પડખું ફરી
ઊંઘી રહ્યાં છે જે ઘસઘસાટ,
સપનાં જોતાં ટોળેટોળાંના
ભીંત તરફ પડખું ફરી
ઊંઘતા ઘસઘસાટ.
સપનાંના સાત કોઠા ભેદી ગઈ છે આંખ
ભીંતના લહેરાતા ઓછાયા એની પાંખ,
સદીઓ ચાલવાનું છે હવે, ઉજાગરા આપ,
પેટ પાતાળ કરતી ભૂખ મળે સૌને, શાપ તિખારા આપ.

કાળા ભમ્મર, આંકડે મઢેલ રસ્તા પર
વહી આવ્યા હતા અવાજ, મૂંગા મંથર બાંધી ગોળા ને સાંકળ
ખરસટ હાથ જ બસ, વગ કહો કે હથિયાર.
કુંડલી મારે કાળો પગ, નીચે રાખના ડુંગર,
ગરલથી ગાઢો, કાળથીએ કાળો
ભલે કૂદે, નાચે ગાજે, વાંદરો ઉઘાડો.
ચૂમ હવે ચૂમ, ડંખ પડેલા હાથ,
પ્રવાસકથાનાં પાનાં દિવસ અને રાત, સૂંઘ
પાવો વગાડ, મૃત્યુ ઘંટ જગાડ
બની કાળી ચીસ ઊઠ, ક્ષિતિજ ને ભરડ,
ગોઠવાઈ ગયેલો સૃષ્ટિનો લય તોડ, મરડ.
કચકચાવી મીંચી આંખ, ઊભા છે માથું ઢાળી, એમને આશ આપ,
પાંપણે લટકી રહ્યું છે એ ટીપું, ફેલાશે સીમા પાર, વિશ્વાસ આપ.

પૂનમની કાળી રાત,
ખાલી હાથોમાં ચાર ચાંદ આપ,
સનાતન દૂઝતું દુઃખ આપ,
શબ્દ આપ, સહેવાની શક્તિ આપ,
ઠરી ગયેલા માણેકને મુક્તિ આપ અને ચંદ્રનો ધ્વજ
આજ
અડધી કાઠીએ
ફરકાવ.

## યોગેશ જોષી * કોરોનામાં મુંબઈ

ચોતરફ
કેવળ
ઘૂઘવે સમુદ્ર.

કીડીઓ
મરેલા જીવડાને
તાણી જાય એમ
*'પુચ્છ વિનાની મગરી'**ને
જીવતેજીવ
તાણીને જઈ રહ્યો છે
                સન્નાટો,
                કઈ તરફ?!

કેવળ
    ઘૂઘવે
        સમુદ્ર...

---

** ભગતસાહેબના સ્મરણ સાથે.*

કાને માંડતાં જ
ખાંસીનો અવાજ
સંભળાય છે મને
મારી જ અંદરથી બહાર નીકળી
છેક પગથી તે માથા સુધી
ધ્રુજાવી દે છે નખશિખ.

હું સાજોનરવો છું
એમ કહેવા હવે કોઈને
ફોન કરવો નથી.
તમે પણ મને ફોન કરી પૂછતા નહીં
તમનેય તમારું ખાંસવું
ન સંભળાય માટે.

હું તો મારો સેલફોન
સાવ સાઇલન્ટ રાખું છું આજકાલ
થોડા દિવસોમાં જ
એની બેટરી ઊતરી જશે
આમ ને આમ
પછી પડ્યો રહેશે
એક બાજુ બેડ પર
સાવ ડેડ.

દહેશત તો પરમ દિવસે સવારે બ્રશ કર્યું ત્યારથી જ છે, પણ આજે તો સૂતો છું ત્યારનો બેચેન છું. જાણે કોઈએ ગળામાં સિંદૂર કાલવીને રેડી દીધું છે. ક્યારનોય નાનીમોટી ખોંખારી કર્યા કરું છું પણ ખરેરી ઓછી થતી નથી. થોરિયાના દૂધથીય વધારે ચીકાશ અંદર જામી ગઈ છે. વારે વારે વોશબેસિન પાસે જાઉં છું, કોગળા કરું છું તોય સુક્કુંભઠ્ઠ ગળું લઈને પાછો આવું છું. એમ થાય છે કે રોજ હાથ નાખીને તાંબાનો લોટો ઊટકું છું એમ હાથ અંદર નાખીને બધો કફ ઉતરડી લઉં. બહુ પ્રયત્ન કરું છું, પણ થૂંકેય ઊતરતું નથી. વોટ્સએપ પરના મેસેજ વારંવાર એકની એક વાત કહે છે કે – બે કે ત્રણ દિવસ આવી રીતે ગળું પકડાય પછી ફેફસાં ઉપર આક્રમણ થાય. એમ સમજોને કે ફેફસાં તો બિચારાં ટોકરીમાં પુરાયેલી મુરઘી. ગમે ત્યારે એક હાથ અંદર આવે ને પીંછડેથી પકડે. પછીની થોડીક જ ક્ષણોમાં પીંછેપીંછું ઊડે હવામાં ને ન મળે કશાયનો અતોપતો! આખા શરીરે ખાલી ચડી ગઈ છે, હું ધારું તોય, અહીંથી ઊઠીને દરવાજા સુધી જઈ શકું એમ નથી. કદાચ હવે તો એક જ દરવાજો અને તેય હજી સુધી કોઈએ જોયો નથી, પણ માત્ર ધારણાઓ જ કરી છે તે! શું નામ આપું એ દરવાજાને? મગજ બહેર મારી ગયું છે. કદાચ વધુમાં વધુ બે દિવસ, પછી તો બધું રાખ, ધૂળ ને ઢેફાં જ છેને! પેલું ગીત છેને? *‘છોડ કે પિંજરા, એક ના એક દિન પંછી કો ઊડ જાના હૈ...’* ઘરના આઠેય જણાએ અલગ અલગ જગ્યાઓ લઈ લીધી છે. બધાના અવાજો માસ્કનાં પડોની વચ્ચે ગૂંગળાય છે. દેખાય છે તે માત્ર આંખો અને એમાં સહુને કોરી ખાતી ચિંતા.

ઉપરના બંને રૂમમાં બેય છોકરાવહુઓએ ને બાળકોએ એમની રીતે ડિસ્ટન્સ કેળવી લીધું છે. બધાં જ બારણાં બંધ છે. હું સૂતો છું એની બાજુના જ રૂમમાં શ્રી સૂતી છે. આમ તો એનું નામ જયશ્રી, પણ હું પેલ્લેથી જ એને શ્રી કહું. ક્યારેક કંઈ કામ હોય તો શ્રીઈઈઈઈ એવી લાંબી બૂમ પાડવાની મજા આવે! એમ થાય છે કે ઘૂંટડોક પાણી પીઉં. રોજની આદત મુજબ શ્રીને બૂમ પાડવા જાઉં છું ને યાદ આવે છે કે પલંગની નીચે જ લોટો અને વાડકી પડ્યાં છે. આમાં કંઈ બૂમ મારવાની જરૂર નથી. સૂતે સૂતે જ વાંકો વળીને પાણી પી લઉં છું. છેલ્લા ઘૂંટડે થોડુંક પાણી શ્વાસનળીમાં ચાલ્યું જાય છે ને ક્યારેય ન ચડી હોય એવી ઉધરસ ચડે છે. મને બીક છે કે મારો અવાજ બાજુમાં કે ઉપર સુધી ન જાય તો સારું. માંડ સૂતેલાં છોકરાંઓ ઊઠી જાય. આમ તો ઘરમાં કોઈ પ્રશ્ન નથી જ. બધું સમુંસૂતરું લાગે છે. યોગ્ય અંતર, યોગ્ય ચોખ્ખાઈ અને બધું જ તે યોગ્ય થઈ રહ્યું છે. પણ મારા શરીરમાં, મને જે થાય છે તેની જાણ ફક્ત મને જ છે. કોઈને કશું કહેવાની મારામાં હિંમત રહી નથી. ખાસ તો નાનાં બચ્ચાંઓને લઈને હું વિહ્વળ થઈ ગયો છું.

અત્યારે જ બારના ટકોરા થયા. લાગે છે કે મારા તો બાર વાગી જ ગયા છે. બહુ બહુ તો આ જગતમાં આપણે એકાદબે અઠવાડિયાંના મહેમાન! મારાથી સુવાતું નથી. જરાક આડો પડું કે તરત ઉધરસ ચડે. શ્વાસ ભરાય પણ નીકળે નહીં. છાતી ઉપર મણ મણનો ભાર કોણ જાણે ક્યાંથી આવી જતો હશે? તરત બેઠો થઈ જાઉં. આમ ઊઠબેસમાં જ આટલા વગાડ્યા. સૂતાં સૂતાંય ચક્કર આવતાં હોય એવું લાગે છે. જોકે ગયા બુધવારે ફેમિલી ડોક્ટર ગાંધીએ તો શ્રીની હાજરીમાં, સ્પષ્ટ જ કહ્યું હતું કે આ સામાન્ય કહેવાય એવું વાઈરલ ઇન્ફેક્શન છે. આ તો કોરોનાની સ્થિતિ ન હોય તોય થતું જ હોય છેને? ખોટા ખોટા ગભરાશો નહીં ને બીજાને ગભરાવશોય નહીં. સલામતી ખાતર પણ ડિસ્ટન્સ તો રાખવું જ! દવા બરાબર લેજો. ત્યારે તો એમ જ લાગેલું કે ગાંધી તારા જેવો તો ભગવાનેય નહીં!

ખાલી સલામત અંતર માટે જ મેં આ એકાંતવાસ સ્વીકાર્યો છે. ઘરમાં કોઈનેય કશી શંકા નથી, પણ ગઈ કાલ સાંજથી જે ફેરફારો થાય છે એની જાણ મારા સિવાય કોને હોય? જેને ટેમ્પરેચર કહેવાય છે એ વધી રહ્યું છે. એમ થાય છે કે એકાદબે કલાકમાં જ મારી સ્થિતિ બગડશે. આ લોકોને ખબર પડશે એટલે બધા નીતિનિયમો અને પોતાની જાતને તડકે મૂકીને મારી સારવાર માટે દોડાદોડી કરશે... અડાઅડ કરશે... ને હું બધું જાણતે છતે મારા જ લોહીને ખતરામાં મૂકીને ચાલ્યો જઈશ! એના કરતાં તો ચૂપચાપ નીકળી જાઉં એ જ બહેતર. જેવો હું બહાર રોડ ઉપર દેખાયો કે પોલીસ આવી જ સમજો. પછી તો એમ્બ્યુલન્સની સાયરનો ને હોસ્પિટલ સ્ટાફની દોડાદોડી ને બીજે દિવસે આપણું નામ છાપાંમાં આવ્યું જ જાણો! આપમેળે બધાને ખબર પડશે. અમસ્તાયે ક્યાં કોઈ મારી પાસે આવી શકવાના છે? જો સારવાર પછી નેગેટિવ આવ્યું તો ચૌદપંદર દિવસે પાછા ઘેર ને પોઝિટિવ આવ્યું તો કોઈનું પણ મોઢુંય જોવાનું નસીબ નથી.

આ નેગેટિવ-પોઝિટિવનો ખેલેય નિરાળો છે. આખી જિંદગી બધાને પોઝિટિવ બનો, પોઝિટિવ બની રહો – નો ઉપદેશ આપનારો આજે નેગેટિવ રિપોર્ટ ઈચ્છે છે! આખરી વાર ઊઠતો હોઉં એમ પલંગ પરથી ઊઠું છું. ઓશરીમાં આવું છું. આખું ઘર ચોખ્ખું અરીસા જેવું ને બધી વસ્તુઓ એની યોગ્ય જગ્યાએ પડી છે ને મને બાંધ્યાભારે સૂચવે છે કે મારે ક્યાંય અડકવાનું નથી! એકેએક ચીજ ઉપર નજર ફેરવતો ફેરવતો હું ધીમેથી, કોઈનેય ખબર ન પડે એમ, બારણું? ના. મૃત્યુદ્વાર મારી જાતે જ ખોલું છું. એકદમ યાદ આવ્યું કે મેં જે કાયમ હોય છે એ જ, બરમૂડો ને ટીશર્ટ પહેરેલાં છે. શ્રી ઘણી વાર કહેતી કે – 'ભૈસા'બ, આ તમારા પપ્પાને તો જાણે બીજાં લૂગડાં જ નથી. આ એકનું એક, ધોવાયું નથી કે પહેર્યું નથી!' હું એને હસતો હસતો કહું – 'ઘસાઈ ઘસાઈને કેવાં સરસ તારી જેમ, સ્મૂધ થઈ ગયાં છે... પહેર્યાં હોય તોય એનું કોઈ વજન જ નહીં!' હું ઓશરીની પગથારેથી પાછો વળું છું. મારા રૂમમાં આવું છું. છેલ્લી વાર કાઢતો હોઉં એમ મારાં ગમતાં આર-ઇસ્ત્રીવાળાં

સફેદ ઝભ્ભો-લેંઘો બહાર કાઢું છું અને જાતે જ ખાંપણ ઓઢતો હોઉં એમ પહેરું છું. ક્ષણેક વાર આ કપડાં મને અદ્‌ભુત સુખની ઝાંખી કરાવે છે. સામે કબાટ ઉપર લાંબો અરીસો છે, પણ પહેલી વાર, એમાં હું મારી જાતને જોયા વગર જ બારણું બંધ કરીને રૂમમાંથી બહાર નીકળું છું.

ફરી પાછો ઓશરીમાં આવું છું. સોફા, ટિપોય, ટીવી, હીંચકો, રોકિંગચેર, છોકરાંનાં રમકડાં, પુસ્તકો અને વ્યાપી વળેલી સ્તબ્ધતા પર ફરી એક વાર નજર નાખું છું. ચોરની જેમ મુખ્ય બારણું ઉઘાડું છું. બહાર નીકળીને બંને જાડાં બારણાં ભેગાં કરીને એમ જ અડકાડી દઉં છું, પરંતુ જાળી બંધ કરતી વેળા ધ્યાન નથી રહેતું ને થોડોક ઘસરકાયેલો અવાજ આખા ફળિયામાં ફરી વળે છે. ડર છે કે જરા સરખો અવાજ થાય તોય જાગી જનારો મોટો ઊઠી તો નહીં જાયને? એની મા કાયમ કહે કે – 'મારા મોટાની ઊંઘ કૂતરા જેવી! જરાક પવન ફરકે તોય એની પાંપણ ઊંચી થયા વિના નો રે!' હું હવે અવાજ ન થાય એની કાળજી રાખીશ એવું વિચારવા જાઉં છું ત્યાં જ વિચાર આવે છે કે મારે હવે ક્યાં અંદર જાવાપણું છે તે બીજી વારની વાત કરું છું? આમાં તો નીકળ્યા એટલે નીકળી જ ગયા એમ સમજોને! કશું જ આખરી બંધ નથી કર્યું, અડકાડી રાખ્યું છે બધું, કેમ કે અંદર બધા.... બધા એટલે? મારા પ્રાણપ્યારા છે એ. એમને અગવડ ન પડે એવું કરીને જાઉં, એ જ બરાબર.

ફળિયામાં આવું છું. મોગરા, રાતરાણી અને મધુમાલતીની સુગંધ મને વીંટળાઈ વળે છે. કહે છે કે જેને કોરોના થયો હોય એને કોઈ પણ પ્રકારની ગંધ નથી આવતી. મને તો આ સુગંધ આવી! ખરેખર આવી કે આદતવશ મારા ચિત્તે સૂંઘી લીધી એ કોયડાને સમજવા હું ફરી એક વાર ઊંડો શ્વાસ લઉં છું. શ્વાસ તો લેવાય છે અને લેવાય છે માટે છૂટતો પણ હશેને? મતલબ કે ફેફસાં સાવ બંધ થઈ ગયાંની સ્થિતિ હજી આવી નથી. પણ આ સુગંધ વિશે તો ધારણા જ કરવી રહી. હું ખાતરી કરવા હીંચકે બેસીને થોડું વધારે સૂંઘવા માગું છું. પણ રોકાઈ જાઉં છું. એમ થાય છે કે હીંચકાને હું ન અડકું એ જ સારું, કેમ કે નાનકો સવારે ઊઠીને પહેલો જ હીંચકે બેસશે. અચાનક નજર આકાશ ભણી જાય છે. ઉત્તરમાં, સપ્તર્ષિના છેલ્લા ત્રણ તારા દેખાય છે. બાકી આકાશ ચોખ્ખું હોવા છતાં બીજાં તારા કે નક્ષત્રો નથી દેખાતાં. ખ્યાલ નથી રહેતો ને હું આદતવશ જ હીંચકે બેસી પડું છું. હવે તો શું થાય? બેઠા તો બેઠા!

વળી વિચાર આવ્યો કે હું આમ નીકળી જઈશ એટલે સીધો હોસ્પિટલમાં જ હોઈશ એટલું નક્કી. સવારે ઊઠીને શ્રી કે છોકરાંઓ મને નહીં જુએ એટલે શોધાશોધ તો થશે જ. એ બધા બિનજરૂરી ટેન્શનમાં આવે એ કરતાં સૂચના લખીને જાઉં એ વધારે સારું નહીં? પણ અહીં ફળિયામાં કાગળ-પેન ક્યાંથી હોય? એ માટે પાછું રૂમમાં જવું પડે... જેટલી સાવચેતીથી બારણાં અડકાડ્યાં હતાં એટલી જ સાવચેતીથી

ઉઘાડ્યાં. મનેય ખબર ન પડે એમ ધીરે ધીરે રૂમમાં પાછો આવ્યો. મને મારી જ ગંધે ઘેર્યો. ચિઠ્ઠી લખવા માટે ટેબલખુરશી પર બેઠો. શું લખું? શ્રીને ઉદ્દેશીને લખું કે મોટા દીકરાને? ગડ બેસતી નથી એટલે મારા સિવાયના બધાનાં નામ લખું છું. લખું છું કે, ‘મારી ચિંતા કરશો નહીં. હું સિવિલ હોસ્પિટલના કોરોના વિભાગમાંથી તમને જીવતો કે મરેલો મળીશ. પછી હું જ સુધારું છું. મળીશ તો જીવતો જ, કેમ કે મરેલાનો તો એ લોકો કોઈને ચહેરોય જોવા દેતા નથી એની મને ને તમને ખબર છે. કાલે અચાનક મને કશુંક વધી જાય ને સુરક્ષાકવચ પહેરેલા કર્મચારીઓ એમ્બ્યુલન્સ લઈને ઘરઆંગણેથી મને લઈ જાય... લઈ તો શું જાય? આપણે જાતે જ જઈને સ્ટ્રેચર ઉપર સૂઈ જવાનું! – એ તમે લોકો કોઈ, બારીએ ચડીનેય, નહીં જોઈ શકો. બાપને આમ છેલ્લી વાર જોવાનું તમારા માટે દુષ્કર બની જાય અને શ્રીની તો હું કલ્પના પણ નથી કરી શકતો કે એનું બાપડીનું શું થાશે? મોટું મોટું જે યાદ આવ્યું ને સૂઝ્યું તે લખ્યું છે. તમારા વિહોણો હું મને કલ્પી શકતો નથી. છોકરાંઓ તો મારા હાહ ને પ્રાણ છે, પણ જેના જેવા ને જેટલા ઋણાનુબંધ! આમાં મારું કે તમારું શું ચાલે?’ સહુને માટે વહાલભર્યા એકબે શબ્દો લખીને વિદાય માગી. જો કશું નહીં હોય ને બધું સારું થશે તો પંદરેક દિવસમાં પાછો આવીશ એવો મને વિશ્વાસ છે એવુંય ઉમેર્યું અને ચિઠ્ઠી ડાઇનિંગ ટેબલ ઉપર મૂકીને, પહેલાં કર્યું હતું એમ જ બારણું બંધ કરું છું. પાછો હળવેકથી ફળિયામાં સરકી આવું છું.

થાય છે કે આ લોકોને તો કશી ખબર જ નથી કે મારા વહીવટ-વહેવાર કેમના ચાલ્યા છે? નથી એમાં શ્રીએ કદી માથું માર્યું... કેમની ખબર પડશે? છોકરાંઓ બિચારાં મૂંઝાય એ કરતાં ચોખવટ કરીને જાવું સારું! ઊભો થયો. પાછાં બારણાં ખોલ્યાં. કબાટમાંથી બધાં એકાઉન્ટ્સની પાસબુકો અને ચેકબુકો કાઢી. બધી જ બેન્કોના એકેક-બબ્બે ચેકોમાં સહી કરું છું. દરેક સહીમાં કંઈ ને કંઈ ફેર આવે છે. જાણે આ હાથ મારા હાથ જ નથી! હાથ ધ્રૂજે છે એમ નહીં, પણ મગજ અને હાથ વચ્ચેનો મેળ ઓછો થઈ ગયો છે. મકાનના દસ્તાવેજની ફાઈલ, બધેબધા વીમાની પોલિસીઓ, લોકરની ચાવીઓ અને નંબરો વગેરે જેટલું સાંભરી આવે છે એ બધું ભેગું કરીને ડાઇનિંગ ટેબલ પર ચિઠ્ઠીની સાથે મૂકું છું. ચિઠ્ઠી ઉપાડીને વળી પાછો એક ટાંક મારું છું : ‘ડ્રાઈવર બચુભાઈની દીકરીના લગ્ન વખતે પચાસ હજાર હાથઉછીના આપ્યા છે તે પાછા ન લેવા. મારી સ્મૃતિમાં ક્યાંય તકતી મઢ્યાં દાન ન કરવાં. એને બદલે આપણે ત્યાં જે માળી, ચોકીદાર, દૂધવાળો, ધોબી, સફાઈ કામદાર, ડ્રાઈવર વગેરે કામ કરતા હોય તેમને વારતહેવારે કે પ્રસંગે ઓછું ન આવે એટલું જોજો. ફરી પાછો બારણાં બંધ કરું છું ને બહાર આવું છું તો મોગરાના ક્યારામાંથી કશોક અવાજ આવે છે. એ બાજુ જવા પગ ઉપાડું છું ને એક બિલાડી છલાંગ મારીને પેલી બાજુ કૂદી જાય છે. એના મોઢામાં કબૂતર હતું એ મેં જોયું. કબૂતરનાં પીંછાંનો ઢગલો મેં ક્યારામાં જોયો. પાછો હીંચકે બેસવા ગયો ત્યાં

ઘડિયાળમાં ત્રણ ટકોરા થયા.

શ્રીની ઊંઘ રોજ સાડાચાર પાંચે ઊડે. પાણી પીને પાછી સૂઈ જાય. મતલબ કે હવે મારી પાસે સમય ઓછો છે. હવે જલદી નીકળી જવું જોઈએ. એક વાર ઘરમાંથી એકાદુંય જાગી જાય પછી તો બધું દોહ્યલું. મને ખબર નથી પડતી કે આ છેલ્લી ઘડીઓમાં મારે બીજું શું શું કરવું જોઈએ? આખા બગીચામાં બિલ્લીપગે આંટો મારું છું. એકેએક છોડ અને પાંદડેપાંદડાની માયા એમ તો કઈ રીતે છોડાય? ઊંચી ડોક કરું છું તો મને મારા જ ઘરની બારીઓ દેખાય છે. છોકરાંઓ ઉપરથી મને જોતાં તો નહીં હોયને? મોટો તો મારી કાર્બન કોપી જ છે ને નાનો એની મા જેવો ગભરુ. પણ મોટો બધું સંભાળી લેશે એવો ભરોસો છે. ભૂલકાંઓ ઘણાં નાનાં છે તે થોડા વખતમાં બધું ભૂલી જશે.

ફરી પાછો હીંચકે આવીને બેસું છું થોડી વાર માટે. ખબર નથી રહેતી ને મારા પગ હીંચકાને ધીરે ધીરે ઠેલ્યા કરે છે. ઘડીમાં ઉત્તર તો ઘડીમાં દખ્ખણ! ઘડીમાં આમ તો ઘડીમાં તેમ, વળી ઉપર તો વળી નીચે એમ હીંચકો ચાલે છે. હીંચકો નહીં, જાણે યમ-યમી મહારાસ ખેલી રહ્યાં છે. પગની એક જ ઠેશે એમ લાગે કે હમણાં સ્વર્ગના દરવાજે અંગૂઠો અડી જશે. વળતો હીંચકો પાછો આવે ત્યારે ઊંડેરાં પાતાળપાણીમાં પાની ઝબકોળાય! બધાં તારા-નક્ષત્રોને ગળી જવાં હોય એમ નજર તો જાણે સાતમા આસમાને. આમ જુએ ને તેમ જુએ. કોઈ વિરાટ સ્વપ્ન નીરખતી આંખ તો માયાની પૂતળી! એમ થાય કે આ સ્વપ્ન કદીયે ન તૂટે તો સારું. નિહારિકાના એકેએક કાંઠે મન નાંગરે અને છૂટે! આખું જગત દોલાયમાન બનીને ઈહલોક ને પરલોકનો ભેદ ભૂંસવા મથે ને હું વિસ્ફારિત નજરે આખો નજારો જોઉં ત્યાર પહેલાં તો એક ટીટોડીનો અવાજ વાતાવરણની સ્તબ્ધતાને ચીરે છે.

દૂર નીલગિરિનાં વૃક્ષોમાં બેઠેલા મોર વારાફરતી ઝીંગોરવા માંડે છે. હું દોડતાં વાદળોને અને આછેરા ચંદ્રની એવી જ આછી ચાંદનીને જોઈ રહું છું. હીંચકા પરથી ઊઠવાના લાખ પ્રયત્ન કરું છું તોય ઊઠી નથી શકતો. જાણે મારા શરીરને અને હીંચકાને બંનેને એકસાથે કોરોના લાગુ પડ્યો છે એવો વિચાર ઝબકી જાય છે અને અચાનક જ હું મારી પીઠ ઉપર કોઈની હથેળીનો મુલાયમ સ્પર્શ અનુભવું છું. પાછળથી આવીને બે હાથ મને આલિંગનમાં લે છે. સહેજ ઊંચે જોઉં છું તો મારી આંખો પર એની ભીની આંખો ચપોચપ ચોંટી જાય છે. સ્પર્શ અને ગંધ કહે છે કે શ્રી પાછળથી ચૂપચાપ આવી ગઈ છે. શક્ય છે કે એને કશી ખબર જ ન હોય, કદાચ એણે ડાઇનિંગ ટેબલ પરનું બધું જોયું હોય. શક્ય એ પણ છે કે મારી આવનજાવનની એને પાકી જાણ હોય ને મને ક્યારનીયે જોઈ રહી હોય! જે હોય તે, પણ એ જરાક સરકીને આગળ આવે છે અને મારી લગોલગ બેસી પડે છે. હું સ્વપ્ન અંગે કશુંક બોલવા જાઉં છું તો એ મારા હોઠ ઉપર એની હથેળી મૂકી દે છે.

ધીમેથી, પણ ઘોઘરા અવાજે એટલું જ કહે છે : 'સાંભળો છો? ગાંધીસાહેબે તમને જે દવા આપી છે એ સવારે મને પણ આપજો... જુઓને મારા ગળામાંય કેટલી ખરેરી બાઝી ગઈ છે...!'

---

**આ અંકના લેખકો :**


**હરીશ મીનાશ્રુ :** *'સુમિરન' ૯/એ, સૌમ્ય, વિનુકાકા માર્ગ, બાકરોલ (જિ. આણંદ) ૩૮૮ ૩૧૫. સંપર્ક : ૯૮૨૪૫ ૧૧૯૬૧.*

**અજય સરવૈયા :** *ajaya211@gmail.com*

**રમણીક સોમેશ્વર :** *સી-૨, સંસ્કૃત ટેનામેન્ટ્સ, સી. એચ. વિદ્યાલય સામે, પારસ બંગલા પાછળ, સુભાનપુરા, વડોદરા ૩૯૦ ૦૨૩. સંપર્ક : ૯૪૨૯૩ ૪૨૧૦૦*

**કાનજી પટેલ :** *૧૨, ગાયત્રી સોસાયટી, લુણાવાડા, જિ. પંચમહાલ ૩૮૯ ૨૩૦. સંપર્ક : ૯૯૯૮૧ ૦૧૪૧૨.*

**વિપાશા :** *vipashamehta80@yahoo.com*

**વર્ષા દાસ :** *varshadas42@gmail.com*

**રાકેશ દેસાઈ :** *અધ્યાપક, અંગ્રેજી ડિપાર્ટમેન્ટ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ૩૯૫ ૦૦૭. સંપર્ક : ૯૮૨૫૮ ૮૫૫૬૪*

**મેહુલ દેવકલા :** *mehul41@gmail.com*

**પ્રતિષ્ઠા પંડ્યા :** *પાર્વતી બંગલો, ન્યૂ અલકનંદા સોસાયટી સામે, આઝાદ સોસાયટી પાસે, અમદાવાદ ૩૮૦ ૦૧૫. સંપર્ક : ૮૫૧૧૪ ૧૮૮૦૮*

**બકુલ ટેલર :** *ડી/૪૦૨, બેજાનવાલા કોમ્પલેક્સ, તાડવાડી, રાંદેર રોડ, સુરત ૩૯૫ ૦૦૫. સંપર્ક : ૯૪૨૭૯ ૭૪૬૫૬*

**જયદેવ શુક્લ :** *જશોદાનગર, જિન પાછળ, સાવલી, વડોદરા ૩૯૧ ૭૭૦. સંપર્ક : ૯૪૨૭૮ ૩૯૮૯૮*

**હેમાંગ દેસાઈ :** *hemagde@gmail.com*

**યોગેશ જોશી :** *ybj3755@gmail.com*

**રાજેશ પંડ્યા :** *એ-૫, ઋતુરાજ, કસ્તુરબા નગર પાસે, સમા, વડોદરા ૩૯૦ ૦૦૮. સંપર્ક : ૯૪૨૯૨ ૫૫૯૫૭.*

**હર્ષદ ત્રિવેદી :** *સુરતા, ૧/૧૧ નેમીશ્વર પાર્ક, તપોવન પાસે, અમિયાપુર, ગાંધીનગર ૩૮૨ ૪૨૪. સંપર્ક : ૯૭૨૩૫ ૫૫૯૯૪*

**કોશા રાવલ :** *koshamraval@gmail.com*

**અભિષેક મજુમદાર :** *majumdar.abhishek@gmail.com*

**નૌશિલ મહેતા :** *etadindia@gmail.com*

**તારીખ : ૨૭ માર્ચ, ૨૦૨૦, સમયઃ ૯ am**

ઇઝીચેર પર ઝૂલતાં-ઝૂલતાં સુજોય હેડફોન પર કોઈ એટલું જોશીલું ગીત સાંભળી રહ્યો હતો કે સાવ સ્તબ્ધ લાગતા ઘરમાં માત્ર ખુરશી એની સાથે, અસાધારણ તાલથી ડોલી રહી હતી. મોટી બારીમાંથી શેરડા જેમ પડતો સવારનો તડકો એના પગ પરથી સરકી, ગાલીચા પર થઈ સોફાના ખૂણા સુધી પથરાયેલો હતો. આગળ ખંડના એક મેજ પર પુસ્તકોનો થપ્પો પડ્યો હતો. બંને બાજુનાં કબાટોમાં પુસ્તકો વ્યવસ્થિત ગોઠવાયેલાં હતાં પણ સુજોયનું ધ્યાન એ કશામાં ન હતું. એ ઝૂમી રહ્યો હતો.

અને હરિતા ક્યાં હતી? આ ઘર તો હરિતાનું હતું. હરિતા અત્યારે એના બેડરૂમમાં બેસી ડાયરી લખી રહી હતી. ભાષાની પ્રોફેસર, હરિતા – આઠ વર્ષથી અમદાવાદમાં એકલી રહેતી હતી. એકલી રહેવાને કારણે 'ગૂગલ કીપ'માં ડાયરી જોડે વાત કરવાની એને આદત પડી ગઈ હતી. ચશ્માં ચડાવી એ મોબાઇલ સ્ક્રીનમાં ખૂંપી ગઈ હતી. એ લખતી હતી,

ડિયર ડાયરી,

તારાથી શું છુપાવવું? નસોમાંથી ફાટફાટ થતો ઉન્માદ શબ્દોમાં ઠરવા માગતો નથી અને યાર, તને કહ્યા વિના રહી શકાય એમ નથી. છેલ્લાં બે દિવસ-ત્રણ રાતથી સુજોય સાથે રહેવા છતાં નશો ઊતરતો જ નથી. તું નહીં માન, જ્યારે એણે મને પહેલી વાર એના તરફ ખેંચી, ત્યારે મારું શરીર અજાણ્યા રોમાંચથી કાંપતું હતું. રગે-રગમાંથી આનંદનો ધોધ ખાબકતો હતો. આજકાલ મને લાગે છે, હું લહેરોમાં તરું છું, ઊછળું છું અને પડું છું. મારી અંદર એ એવો સેળભેળ થઈ ગયો છે, જાણે હું અને એ અનંત સુધી વિસ્તરેલાં હોઈએ એવું લાગે છે! અત્યારે અઠ્યાવીસમા વર્ષે જ્યારે મને શરીર સાથે અનુભવું છું, તો લાગે છે કે મદહોશી મારા હૃદય-મનમાં પૂરની જેમ ફરી વળી છે. અત્યારે તો હું ફક્ત અનુભવું છું, માણું છું અને જીવું છું. સમય સળંગ બની, મને આલિંગે છે અને કાનમાં કહે છે 'આ સ્વર્ગ છે.'

૨૪મી માર્ચે જ્યારે મોદીજીએ લોકડાઉનની જાહેરાત કરી, એના આગલે દિવસે એટલે કે સોમવારે સવારે સુજોયનો ફોન આવ્યો. એક મીટિંગ માટે મુંબઈથી અમદાવાદ બે દિવસ માટે એ આવવાનો હતો. ''બોલ મળીશું?'' એવું એણે પૂછ્યું અને અમે બંનેએ પચીસમીએ બપોર પછી, મારા ઘરે મળવાનું નક્કી કર્યું. બીજે દિવસે સવારમાં એ પાછો જશે; એવું એણે કહ્યું, ત્યારથી વન નાઇટ સ્ટેન્ડના રોમાંચથી જ મારું દિલ ધકધક થવા લાગ્યું હતું. આમ તો ફેસબુક પર થોડા

મહિનાથી અમારું ચેટિંગ ચાલતું હતું. વાતોવાતોમાં એ ક્યારે સેક્સટિંગ સુધી પહોંચી ગયું, એની કોઈ સૂધ રહી નહીં. પણ ખરેખર સુજોયે જ્યારે મળવા માટે કહ્યું ત્યારે એકીસાથે – ડર અને રોમાંચે મને ઘેરી લીધી હતી. ‘ના’ કહેવાની જરૂર લાગી તોય મેં, એને ‘હા’ પાડી, આવવા માટે કહી દીધું. જો કે ત્યારે તો સપનેય ખ્યાલ નહોતો કે બીજા દિવસે સવારે જવાનું કહેતો, સુજોય લોકડાઉનના એકવીસ! હા, પૂરા એકવીસ દિવસ મારી સાથે રહેશે. કહે છેને : ખુદા જબ દેતા હૈ તો છપ્પર ફાડ કે દેતા હૈ. યસ માય ડાર્લિંગ ડાયરી, હી ઇઝ અમેઝિંગ... એઝ અ મેન – હી ઇઝ સો અમેઝિંગ.

**તારીખ : ૨૯ માર્ચ, ૨૦૨૦, સમયઃ ૮ am**

સુજોય વરંડાની એક ખુરશી પર બેઠો હતો. ચાની ચૂસકી સાથે ન્યુઝ પેપર વાંચી રહ્યો હતો. જો કે પેપર મોટા ભાગે કોરોના/કોવિડ-૧૯, સ્પેન, ઇટાલી, અમેરિકા, ભારત, ગુજરાત અને મહારાષ્ટ્રના આંકડાઓ અને વિશ્લેષણોથી ભરેલું હતું. વાંચતાં-વાંચતાં એક ક્ષણ એવી આવી કે એણે પેપર અધૂરું છોડી, આંખો બંધ કરી દીધી.

થોડી વાર પછી મોબાઇલ ખોલ્યો. વોટ્સએપ અને ફેસબુક જોયાં. પછી એ બધું બંધ કરી, ફોનની ગેલેરીમાં જઈ, પ્રિયા અને હેતના ફોટા જોવા લાગ્યો. એ વિચારી રહ્યો હતો. પ્રિયા લગ્નના શરૂઆતના સમયમાં કેટલી એની આગળપાછળ ફર્યા કરતી હતી. પણ હેત આવ્યા પછી એ કેવી બેપરવા બની ગઈ! એ હોય ના હોય કોઈ ફરક જ નહોતો. હેત હેત અને હેત! એ અકળાઈ જતો. પ્રિયાએ તો કઈ ફરક ન પડ્યો હોય એમ સ્વીકારી પણ લીધું કે એ કોઈ ગુજરાતી આંટીના ઘરે પેઇંગ ગેસ્ટ તરીકે રોકાવાનો હતો, એ ઘવાયો હતો કે ‘પ્રિયા એને મિસ નથી કરતી.’ આવું વિચારતો હતો, ત્યાં જ હરિતાને આવતી જોઈ; એણે ઝટપટ પેપર હાથમાં ટટ્ટાર પકડ્યું.

‘‘બોલ, મારા પપ્પાને પણ તારી જેમ જ સવારે ચા પીતાં-પીતાં પેપર વાંચવા જોઈએ અને કોઈ ડિસ્ટર્બ કરેને તો એનું આવી જ બને.’’ હરિતા બોલતી રહી. બગાસું દબાવતાં ઊંડો શ્વાસ લઈ બેધ્યાનપણે જ સુજોય બોલ્યો ‘‘યસ, તારા પપ્પા બહુ ઇન્ટરેસ્ટિંગ લાગે છે, જસ્ટ લાઈક યુ...’’ પછી તો પપ્પાપુરાણ વિશે હરિતાની વાતો સળંગ એક કલાક ચાલી. વચ્ચે એમાં – એની મમ્મી, ચારુલ, એની બહેનપણીઓ, કાકા-મામા, માસીની દીકરીઓની વાતો પણ કૂદાકૂદ કરતી રહી. એકબે વાર મોબાઇલ ખોલ-બંધ કરી, સુજોયે ધ્યાનભંગ કરવાની કોશિશ કરી, પણ સફળ ન થયો. ફરી એકબે વાર બગાસાં ખાતાં પકડાઈ ગયો, ત્યારે હરિતા સહેજ વ્યંગમાં બોલી પણ ખરી,

‘‘એકબીજા વિશે વધારે પડતું જાણ્યા પછી કંટાળો આવવા લાગે છે, નહીં! કંટાળી ગયોને?’’

‘‘અરે ના યાર, તારાથી શા માટે કંટાળું? પણ સ્વીટી ખાસ્સો સમય થયો, હું

નાહી લઉં તો.'' કહી જવાબની રાહ જોયા વિના એ વોશરૂમમાં સરકી ગયો. શાવર નીચે દસેક મિનિટ ઊભા રહીને પાણી વહેતું રહેવા દીધું, છતાં મન શાંત થતું ન હતું.

**તારીખઃ ૩૦મી માર્ચ ૨૦૨૦, સમયઃ ૧ pm**

''જો...ય, બહુ થાકી ગઈ છું, પ્લીઝ હેલ્પ કરાવને.'' છુટ્ટા વાળને રબરબેન્ડ બાંધતાં, લઘર-વઘર ટીશર્ટ-ટ્રેકમાં, બાંય પર પરસેવો લૂછતી, હરિતા રસોડામાંથી ડોકું કાઢી; સહેજ તણાયેલા સાદે બોલી.

''હા આવું, થોડી વારમાં...'' લેપટોપમાં મોં નાખી બેસેલો સુજોય બોલ્યો.

''યાર, નોટ ફેયર હં! ઘર મેં સાફ કર્યું, રસોઈ પણ મેં બનાવી, હવે વાસણ સાફ કરવામાં તો તારે મને મદદ કરવી જોઈએ કે નહીં? તું તો બસ લેપટોપ લઈને બેસી જાય છે.''

''તારે કોલેજમાં વેકેશન છેને? તો તું મેનેજ કરને, પ્લીઝ. આ વર્ક ફ્રોમ હોમમાં તો, ઊલટાનું કામનું ભારણ વધ્યું છે. બેઠો નથી, દસ મિનિટ પછી વિડિયો કોન્ફરન્સ છે, એની તૈયારી કરું છું, સો પ્લીઝ...'' કહેતાં એ લેપટોપ સાથે બાજુના બેડરૂમમાં જતો રહ્યો.

વાસણો ઘસતાં-ઘસતાં હરિતા ગરમીથી અકળાતી હતી અને સુજોયથી પણ. ફેસબુકમાં તો કેવા મેસેજ કરતો હતો! ''બેબી, તું થાકી ગઈ! તારા પગ દબાવી આપું?'' એની આવી મીઠી-મીઠી વાતથી એ કેવી ભોળવાઈ જતી હતી! અત્યારે એ ખરેખર થાકી ગઈ હતી, ત્યારે સુજોય હાજર હોવા છતાં બેડરૂમ બંધ કરી બેઠો હતો. હરિતાના હાથમાંથી કાચની પ્લેટ છટકી અને તૂટી ગઈ. કરચો વીણી, એ પોતાના બેડરૂમમાં જતી રહી. બારણું અંદરથી બંધ કરી દીધું. ઊંઘ ન આવી. વાંચવામાં પણ મન ન ચોંટ્યું. મોબાઈલ સ્ક્રોલ કરતી વખતે તો એને પોતાને પણ નહોતું સમજાતું કે એ ખરેખર શું જોતી હતી? એ વિચારતી રહી, અમેરિકાની ફાઇલ વર્ષો પહેલાં મૂકી હતી. જ્યારે વિઝા આવ્યા ત્યારે એ વીસ વર્ષની થઈ ગઈ હતી એટલે ન જઈ શકી. એ એકલી અહીં રહી ગઈ. મમ્મીપપ્પા અને ચારુલ અમેરિકા જતાં રહ્યાં. એ વાતને વર્ષો થઈ ગયાં. વર્ષોથી એ એકલી જ રહેતી હતી પણ આજ જેવી બેચેની ક્યારેય અનુભવી નહોતી... કોઈએ એને વાપરીને ફેંકી દીધી હોય, એવી દયામણી એ એને પોતાને લાગી. ન ગમતા વિચારને અટકાવવા એ બેબાકળી બની પડખાં ફેરવતી રહી. વચ્ચે એકાદ ઝોકું આવી ગયું, જે સુજોયના મોબાઈલ કોલથી તૂટ્યું,

''હં, શું છે?''

''બહાર આવને.''

''ના, થાકી ગઈ છું, સૂતી છું.'' બગાસું ખાતાં તે બોલી.

''પ્લીઝ, ઓપન ધ ડોર.'' ઊતરેલા મોંએ એણે દરવાજો ખોલ્યો.

''સરપ્રાઈઝ,'' હાથમાં મેગીનું બાઉલ લઈ, જોકર જેવી અદાથી સુજોય બોલ્યો. એ જોઈ નહોતું હસવું, તોય હરિતાથી હસી પડાયું.

''સરખું રિસાવા પણ નથી દેતો. કામચોર નંબર વન...'' મોં મચકોડી હરિતા બોલી.

''કામ...ચોર, આવી જા બેડ પર, વિલ પ્રુવ...''

''શટ અપ, કોઈ પ્રૂફ નથી જોઈતું. મેગી ખાવા દે.''

''યસ મેડમ, ધ ઓન્લી ડિશ ધેટ શેફ સુજોય કેન પ્રિપેર.''

**તારીખઃ ૧ એપ્રિલ ૨૦૨૦, સમયઃ ૧૧ am**

આજકાલ મને એવું લાગે છે કે હું કોઈ અજાણ્યું જીવન જીવું છું. મને ખુદથી હું અજાણ્યો લાગુ છું. જો કે આ નવું નથી, આ વિચિત્ર લાગતી લાગણી સતત મારી સાથે જીવે છે. ઉપરછલ્લી સપાટી પર કરેલી વાતો અને ઘટનાઓ અંદર ઊતરતી જ નથી. કાલે હરિતાએ થોડી ઉદાસ આંખે, ગૂગલ કીપમાંથી વંચાવેલું ગ્રેબિયલ માર્કવેઝનું વાક્ય મનમાંથી ખસતું નથી. ''Sex is the consolation you have when you can't have love.'' એની સાથે કોઈ દલીલ કરવાનો મતલબ નહોતો, કારણ કે હું મને પોતાને આ સવાલ પૂછું છું. પ્રેમ શું છે? ઉન્માદ શું છે? બંને એકમેકથી અલગ હોય તો પણ હું બંનેને છૂટા પાડી, શા માટે અનુભવી શકતો નથી? ક્યારેક તો એવું લાગે છે કે પ્રેમ જેવું કશું છે જ નહિ. પ્રેમ સાચી માની લીધેલી કોઈ દંતકથા લાગે છે અને ઉન્માદ શરીરની રાસાયણિક પ્રક્રિયાનો કોઈ પ્રત્યુત્તર લાગે છે.

હરિતા સાથેના ભયંકર ઉન્માદમાંથી પસાર થયા પછી હું વધારે એકલો પડી જાઉં છું. હરિતાથી તો દૂર જ, પણ મારા પોતાનાથી પણ દૂર. બીજાને બહાર દેખાતો સુજોય લડાયક, સફળ, સંજોગો સામે ઝઝૂમતો એકલવીર છે. જેની પાસે પૈસો છે, પ્રતિષ્ઠા છે. સુંદર પરિવાર છે. પણ અંદર? અંદર તો નરી એકલતા છે. અત્યાર જેવી જ. એ એકલતા ડામવા હું હરિતાને નજીક ખેંચું છું. ઝનૂનથી એને મેળવવા ઇચ્છું છું. પણ અંતે તો એ ફીણ ફીણ બની વીખરાતા મોજા જેવો નિરર્થક પ્રયાસ લાગે છે. એ રઘવાટ-બેચેની બધુંય એ પાગલપન વીખરાયા પછી, મને મારાથી છુટ્ટો પાડી દે છે.

''જોય, કેમ ચૂપચાપ બેઠો છે? આર યુ ઓકે?''

''હેં!... હા હા, બસ આમ જ વિચારતો હતો કે લોકડાઉનમાં કેટલાં બધાં કામ અટકી ગયાં છે. બિઝનેસમાં મારી જે હાલત બગડવાની છેને, એનો તને કોઈ અંદાજ નથી. બહુ બધાં રિસ્ક લીધેલાં છે.''

''સાચી વાત. પણ તું જોજેને, બધું ઠીક થઈ જશે.''

''દિલાસો દેવો સહેલો છે સ્વીટી, પણ વાસ્તવિક જિંદગી બહુ અલગ છે.''

''કમ ઓન સુજોય, ભૂલી જાને બધું. લોકડાઉને તને અને મને સાથે રહેવાનો

કેટલો લાંબો સમય આપ્યો.''

''હં... હા હા તું સાચું કહે છે. સ્વીટી, હું થોડું ઓફિસવર્ક કરી લઉં? રસોઈ તો ફાવતી નથી પણ વાસણ હું સાફ કરી દઈશ, પ્લીઝ; તું લોડ ન લેતી.''

''સારું સારું, તું તારે તારું કામ કર.''

**તારીખ : ૪ એપ્રિલ ૨૦૨૦, સમયઃ : ૯:૩૦ pm**

''આ લોકડાઉન થયે દસ દિવસ થયા અને અંદરથી દસ વર્ષ પસાર થયાં હોય એવું લાગે છે. બધું એકસરખું અને કંટાળાજનક લાગે છે, નહીં?''

''તું વધારે પડતી નિરાશાવાદી થઈ ગઈ છે.''

''કદાચ...કદાચ તારી કરતાં પણ વધારે જીવવાની ઇચ્છા મારી અંદર છે. પોતાની રીતે એકલા જીવવાની ટેવ પડેલી જ છે, પણ સ્વતંત્રતા વિનાની એકલતા, પીંજરે પુરાયેલા પંખી જેવી દયામણી લાગે છે.''

''વધારે પડતું વિચારવાને બદલે અંદર જઈ સૂઈ જા. જા... સવારે ઊઠીશને ત્યારે સારા વિચારો આવશે.''

હરિતા ગયા પછી સુજોય ડ્રોઈંગરૂમમાં જ બેઠો રહ્યો. મોબાઇલ-લિસ્ટ ખોલી ફોન કરતો રહ્યો. ઑફિસના સાથીદારોને, જૂના મિત્રોને... પ્રિયા અને હેત સાથે તો લગભગ અડધો કલાક વાત કરી. રાતના બાર વાગ્યા સુધી એ બોલીને ન થાક્યો ત્યાં સુધી પાત્રો બદલાવી વાતો કરતો રહ્યો.

અંદરના રૂમમાં હરિતા પણ ઊંઘ ન આવી ત્યાં સુધી નેટફ્લિક્સ પર 'મની હાઇસ્ટ' જોતી રહી. રાત્રે વોટ્સએપ મેસેજમાં હરિતાએ લખ્યું, ''સુજોય, બાજુના બેડરૂમમાં સૂઈ જજે. આઈ વૉન્ટ સમ સ્પેસ.''

માત્ર 'ઓકે,' લખી સુજોયે ફોન બંધ કરી દીધો. પરિચિત અંધારું અને પોતપોતાનો અલગ રૂમ આજે ઘણા દિવસો પછી મળ્યો. એ વાતે ધાર્યા કરતાં પણ વધારે રાહત આપી હોય, એમ બંને મોડે સુધી ઘસઘસાટ સૂતાં રહ્યાં. સવારે નવ વાગ્યે હરિતા બહાર આવી ત્યારે પણ સુજોય તો સૂતો જ હતો. એને ઉઠાડ્યા વિના હરિતા કોફીનો મગ લઇ ઇઝીચેર પર ચૂપચાપ બેઠી રહી. આકાશ અને ઝાડને જોતી રહી. આખો દિવસ વાહનોની અવરજવરથી ભરેલો આ રસ્તો, અત્યારે સાવ શાંત લાગતો હતો. એણે બહારનું કશું સાંભળવાનું નહોતું. એ ક્યાંય સુધી બેઠી રહી. મોબાઇલ વાગ્યો ત્યારે જ એનું ધ્યાન તૂટ્યું. અમેરિકાથી એના પપ્પાનો કોલ હતો,

''હા પપ્પા, ચિંતા ન કરો. એકદમ સ્વસ્થ છું. તમે લોકો?''

''ઓહ્હ! ગ્રોસરી ન મળે એ તો અઘરું પડે.''

''ના ના એમાં શું? વર્ષોથી રહું જ છુંને, આદત પડી ગઈ છે. પણ હમણાંથી તમે બધા બહુ યાદ આવો છો.''

લાંબી વાત ચાલી. એણે ફોન મૂક્યો ત્યારે સુજોય નાહીને બહાર આવ્યો અને

એ કંઈ સમજે એ પહેલાં એને ઊંચકી બેડ પર ઘસડી ગયો. થોડી આનાકાની કરી એ પણ જોડાઈ ગઈ અને શરીરની ભાષાનું સુખ એ છે કે તે કેટલાય વિરોધોને, વાંધા-વચકાઓને સુંવાળા કરી દે છે. બધું જ સરકતું, લીસું અને વધારે જીવનથી ભર્યું હોય એવું લાગવા માંડે છે.

''હરિતા, આજની રસોઈ સુપર્બ! યાર, તારા હાથમાં તો જાદુ છે જાદુ!''

''સુજોય, તારા સોન્ગનું કલેક્શન બહુ મસ્ત છે, લિંક મોકલને, હું સાંભળીશ.''

''એય, બહુ બ્યુટિફુલ લાગે છે.''

''જોય, તું તારે શાંતિથી ઓફિસનું કામ કર. વાસણ હું સાફ કરી નાખીશ, આજે ફ્રેશ છું.''

રાત્રે સૂતી વખતે હરિતાએ કહ્યું ''જોય, આઈ લવ યુ'' જેના જવાબમાં જરાક એવું હસી હરિતાના ગાલ પર હળવી ટપલી મારી સુજોયે કહ્યું,

''સૂઈ જા હવે. ગુડનાઈટ.''

**તારીખ : ૬ એપ્રિલ ૨૦૨૦, સમય : ૧૦ am**

''પ્રિયા, આજે અડધી રાત્રે જાગી ગયો ત્યારે તું બહુ યાદ આવી ગઈ. મિસ યુ ટૂ મચ, ઊભી રહે વિડિયો કોલ કરું. હેત અને તને જોવાનું બહુ મન થઈ ગયું છે.''

''હેલો, મારો હેત શું કરે છે? ...અચ્છા, મમા કિન્ડલ જોય નથી અપાવતી, હું આવીશ ત્યારે અપાવીશ... પ્રોમિસ.''

''હા, પ્રિયા શાકભાજી લેવા જાય તો આવીને નાહી જ લેજે, તારું ધ્યાન રાખજે.''

''કેમ ઉદાસ દેખાય છે? ...હા, મિસ યુ બોથ વેરી મચ.'' મોબાઇલ-સ્ક્રીનમાં પ્રિયા અને હેતને એ એકીટશે જોતો રહ્યો. હરિતા અચાનક રસોડામાંથી બહાર નીકળી ત્યારે સામેના સોફા પર બેસી, મોબાઇલ-સ્ક્રીન સામે સુજોયને પ્રેમથી હસતો જોયો. એના મનમાં બળતરા થઈ ગઈ. સામે બેસેલો સુજોય એનો કોઈ નહોતો. જે જગ્યાએથી મોબાઇલ-સ્ક્રીન સામે બેસેલો સુજોય – પેલા લોકોને મિસ કરતો હતો, એ જગ્યાએથી એ કપાઈ જતી હતી.

એની સાથે શું ખરાબ બની ગયું છે એ સમજાતું નહોતું. આમ પણ સુજોય એનો હતો કોણ? કોઈ સંબંધથી એ ક્યાં જોડાઈ હતી? તો પછી અત્યારે બધું ધૂંધળું કેમ લાગતું હતું? સાથે રહ્યાં, વાતો થઈ, શરીરની આપ-લે થઈ, જિવાયું, મજા આવી હતી. પણ એ લોકડાઉનને લીધે અચાનક ઊભી થયેલી પરિસ્થિતિને આભારી હતું. એ સમય ભરવાથી વિશેષ કશું ગણી શકાય ખરું? જો જરૂરિયાતનું જ જોડાણ હોય તો એમાં ક્યાં કશું તૂટતું કે ખૂટતું હતું? ફક્ત સમય પ્રમાણે બધું બદલાઈ જતું હતું.

''હરિતા શું થયું?'' સુજોયે દૂરથી થોડા મોટા અવાજે પૂછ્યું. હરિતાએ સહેજ

ઊંચું જોયું. સુજોયે એને સ્મિત આપ્યું, એ બદલામાં કશું આપી શકી નહીં, ઠાલું સ્મિત પણ નહીં. એ અંદર જતી રહી. એકલી-એકલી છટપટાતી રહી. એ વિચારતી હતી કે વિચારશૂન્ય બની ગઈ હતી! જે અનુભવાતું હતું, એ શબ્દોની બહાર છટકી ગયું હતું. દુઃખ, આંસુ, અભાવ કોઈ વસ્તુ જ અનુભવાતી નહોતી. પોતાને કોઈ ભાગરૂપે સંવેદી શકતી ન હતી. એ છેક સાંજ સુધી સૂતી જ રહી. સુજોય પણ આખો દિવસ કામના બોજમાં તણાયેલો રહ્યો. વચ્ચે એક-બે વાર મન થયું કે એ હરિતા પાસે જાય, પણ ન ગયો. કામ પૂરું થયા પછી પણ એ મૂવી જોતો રહ્યો. એનો મોબાઇલ ડ્રોઈંગરૂમમાં પડ્યો રહ્યો તો પણ એકેય વાર એને ઇચ્છા ન થઈ કે મોબાઇલમાં કશું જુએ. સાંજે જ્યારે હરિતાએ એના બેડરૂમ પાસે આવીને પૂછ્યું, ‘‘તેં કશું ખાધું કે નહિ?’’ લેપટોપમાં જોવાનું ચાલુ રાખીને એણે જવાબ આપ્યો, ‘‘ના, ભૂખ નથી.’’

જમતી વખતે પણ બંને બેચાર વાક્ય માંડ બોલ્યાં, ‘‘તબિયત ઠીક છે, હરિતા?’’ જવાબમાં ‘‘હા,’’ કહી ‘‘તું કેમ છે?’’ એટલું હરિતાએ સામે પૂછ્યું. જેનો જવાબ ‘‘સારું છે,’’ એટલો જ મળ્યો.

**તારીખ : ૯ એપ્રિલ, ૨૦૨૦, સમય : ૨:૩૦ pm**

‘‘તો આજે લોકડાઉનનો સોળમો દિવસ,’’ કેલેન્ડરમાં જોતાં સુજોય બોલ્યો. ખોળામાં તકિયો રાખી બેસેલી હરિતા માત્ર હોંકારો ભણી પુસ્તકની અંદર ખૂંપી ગઈ. બેડ પર એની બાજુમાં ચારપાંચ પુસ્તકો પડેલાં હતાં. એ પછીની જગ્યા પર, સુજોય સૂતો-સૂતો મોબાઇલમાં કશુંક જોતો હતો. એને વાંચવાની આદત ન હતી, ‘બ્લોગ’ કે પછી ‘ધ ઇકોનોમિક ટાઈમ્સ’ કે માર્કેટિંગને લગતા આર્ટિકલ્સ વાંચતો. પણ હરિતા જેમ ફિક્શન વાંચવાનું એને આટલા દિવસના પ્રયાસ પછી પણ નહોતું ફાવ્યું. એણે હરિતાની સામે જોઈને કહ્યું,

‘‘સ્વીટી, મારી પાસે આવને. ચશ્માં પહેરી વાંચતી વખતે તું બહુ સેક્સી લાગે છે... આવને.’’ હરિતાએ પુસ્તક બાજુ પર મૂક્યું, એના પર ઝૂકી. એના હોઠમાં હોઠ પરોવ્યા. એ પછીની બપોર શબ્દોમાં વહેતી કવિતા બની, પછી એ શબ્દો પીગળ્યા અને નદી બની, વહેતી નદી ધીરે ધીરે અફળાતાં મોજાં બની ગઈ, થોડી વાર પછી એ જ બપોર ખડક પર અફળાતાં મોજાંમાંથી ફીણ બની વીખરાઈ ગઈ. સુજોય અલગ થવાની ક્ષણ પછી સીધો મોબાઇલમાં જોવા લાગ્યો. અરજભરી નજરે હરિતા બોલી, ‘‘થોડી વાર મને વળગીને સૂઈ જાને.’’ મોબાઇલ બાજુ પર મૂકી સુજોય બોલ્યો, ‘‘મને ઊંઘ આવે છે, તું પણ થોડી વાર સૂઈ જા. સારું લાગશે.’’ સુજોયે આંખો બંધ કરી દીધી. એને સમજાતું નહોતું, અલગ થયા પછી નિર્જીવ લાગતા; બાજુમાં પડેલા શરીરનું અત્યારે શું કરવું? સૂઈ જવું એ બચવાનો સહેલો રસ્તો હતો.

**તારીખ : ૧૨ માર્ચ, ૨૦૨૦, સમયઃ ૧ am**

મારી ડાયરી,

અડધી રાત થવા આવી પણ ઊંઘી શકાતું નથી. ખરા-ખોટા વિચારો મારા પર હાવી થઈ ગયા છે. તારી આગળ મન હળવું કરી, મને શાંત કરવા માગું છું.

યાર, આ સુજોયથી હું કંટાળી ગઈ છું. ''કારણ?'' તું તરત જ માસ્તરાણી બની મને પૂછીશ, એટલે તને – એનો જવાબ દેતાં-દેતાં, હું મારી પાસે જ જવાબ શોધું છું. તું જ કહે, પ્રેમ એટલે શું? મારી માટે પ્રેમ એ છે કે જેમાં વ્યક્તિ ઓગળી જાય. કેવળ સમર્પિત થવાનો ભાવ રહે. જેવી છે તેવી વ્યક્તિનો બિનશરતી સ્વીકાર કરવાનો ભાવ એ પ્રેમ. સુજોય પાસે હું એવો જ પ્રેમ ઇચ્છું છું. એ મને માત્ર સ્ત્રી તરીકે જ નહીં, વ્યક્તિ તરીકે પણ સ્વીકારે. મને માન આપે. આવી અપેક્ષા રાખવી શું ખોટી છે? સાચી-ખોટી તો રામ જાણે! પણ એ માત્ર સ્પર્શની ભાષામાં જ વાચાળ હોય છે. બાકી પોતાના વિષેની કોઈ પણ વાત કરવાની હોય તો મોંમાં મગ ભર્યા હોય, એમ મોબાઇલ જોયા કરે કે વાત બદલાવી દે. અરે, હું કઈ એનું સુખ ચોરી લેવાની છું? તો પણ ના! માત્ર જનરલ ટોપિક્સ પર વાત કરી, મનને ન કળાવા દઈ, એ પોતાની જાતને બહુ સ્માર્ટ માને છે. મને એ વસ્તુ કોરી ખાય છે કે એ મને વ્યક્તિ કે મિત્ર તરીકે સ્વીકારતો જ નથી. એની બધી વાતો અંતે તો 'સબ રસ્તા ગોડ કી ઔર જાતા હૈ'ની માફક શરીર પર આવી અટકે... યાર, શરીરને સ્પર્શવું અને મનને અક્ષુણ્ણ રાખવું, એ કેમ સહન થાય?

મને ગૂંગળામણ થાય છે. કેટલી વાર ભીંત જોડે ભટકાઈને પોતાનું જ માથું ફોડવાનું? અત્યારે હું ક્રોધ, સ્વમાન અને ઈર્ષ્યામાં સળગું છું, એને માફ કરવો, શાંતિ રાખી એને સહન કરવો – જેવા ફાલતુ વિચારને બદલે એક લાત મારી એને કાઢી મૂકવાનું મન થાય છે. ચલ, મનનો ઊભરો ઠાલવી દીધો, હવે સૂઈ જવાનો પ્રયત્ન કરું.

**તારીખ : ૧૩ એપ્રિલ, ૨૦૨૦, સમય : ૧૧ઃ૩૦ am**

સવારે ઊઠી ત્યારે હરિતાનું માથું દુખતું હતું. એણે સુજોય બેઠો હતો ત્યાં પાસે જઈને પૂછ્યું, ''સુજોય, સાચું કહે તું મને પ્રેમ કરે છે કે નહીં? ગુસ્સામાં નથી પૂછતી કે તને દોષ પણ નથી દેતી. પણ અંદરથી દુઃખ થાય છે એટલે પૂછું છું.''

''કેવા બેહૂદા સવાલ પૂછે છે, આઇ લવ યુ કહેવું શું જરૂરી છે?''

''જરૂરી તો નથી, પણ હું એ ત્રણ જાદુઈ શબ્દોથી આપણા સંબંધને મૂલવી શકત.''

''ત્રણ શબ્દોની શી જરૂરત એક જ શબ્દ કાફી છે.''

''હેં! એક શબ્દ! શું, બોલ તો?''

''શૂન્ય, યસ ઝીરો – અબ્સોલ્યુટ વિથ નથિંગનેસ''. સોંપો પડી ગયો હોય એમ બંને ચૂપ થઈ ગયાં. એ પછી હરિતાને થતું હતું કે સુજોય જલદી પાછો જતો

રહે તો સારું. સુજોય પણ વારંવાર મોબાઇલ અને ટીવી જોયા કરતો હતો. સમાચાર સાંભળતાં એ બોલ્યો,

''બસ, કાલે સવારે લોકડાઉન ખૂલે કે તરત નીકળી જઈશ.'' મનોમન રાહત અનુભવતી હોવા છતાં હરિતાએ કહ્યું, ''એવું ન બોલ, તું સાથે રહે તો ગમે.''

''દરેક સારી વસ્તુનો અંત તો હોય જ છેને, આમ પણ થોડા દિવસથી તું મારાથી અકળાઈ ગઈ છે, એકલા રહેવાની આદત...''

''તું પણ જવા માટે ઓછી ઉતાવળ નથી કરતો.''

''ધંધો મુંબઈમાં ને એનો બોસ અહીંયાં, કેવી તકલીફ છે, મારું મન જાણે છે. પણ તું યાદ આવીશ.'' હરિતાએ એના ખોળામાં માથું ઢાળી દીધું. સુજોય એના વાળમાં ધીમેધીમે આંગળી ફેરવતો રહ્યો. હરિતાએ આર્દ્ર બની ફરી પૂછ્યું, ''યાદ કરીશ મને?'' કશું બોલ્યા વિના સુજોય એકીટશે એની સામે જોઇ રહ્યો. એના કશું ન કહેવામાં, ઘણું-બધું હતું. અગાઉનાં કોઈ મનદુઃખ કે પીડા કશું ન હતું. હરિતા પણ એની સામે જોતી રહી. બંનેની અંદર કશુંક તૂટતું જતું હતું. એનો હાથ છાતીસરસો ચાંપી, હરિતા ધીમેધીમે પંપાળતી રહી. કેટલીય વાર પછી એ સાવ ધીમેથી બોલી,

''અત્યારે તું જે રીતે મારી સામે જુએ છેને, હવે પછી તું યાદ આવીશ, ત્યારે આ જ રીતે યાદ આવીશ.''

**તારીખઃ ૧૪ એપ્રિલ, ૨૦૨૦, સમય : ૯ am**

સુજોય સવારે વહેલો ઊઠી ગયો. જો કે રાત્રે સૂઈ પણ ક્યાં શક્યો હતો! વિચારતો હતો કે ગાડીમાં પેટ્રોલ તો પૂરતું છે. દસ વાગ્યે નીકળીશ તો પણ રાત સુધીમાં તો પહોંચી જ જઈશ. આમ પણ થોડા દિવસોથી મન ઊખડી ગયું હતું. હરિતાથી કંટાળ્યો હતો. એના પોતાનાથી પણ. 'આજ લોકડાઉન ખૂલે એટલે એ એના રસ્તે અને હું મારા.' અત્યારે અહીંથી જલદી છૂટવા માટે એનું મન ઉતાવળું બન્યું હતું.

હરિતા સવારથી કામમાં રચીપચી રહી. બંને મોટા ભાગે એકબીજાને ટાળતાં હોય એમ વ્યસ્ત રહ્યાં. નવ પહેલાં બેગ હાથમાં લઈ લગભગ ઊભો થતાં સુજોય બોલ્યો,

''ચલ હરિતા, મળીએ પછી.''

''પહેલાં સંભાળ તો ખરો, શું કહે છે મોદીસાહેબ?''

ટીવીનું વોલ્યુમ અચાનક વધી ગયું, ઉત્તેજના સાથે બંને કાન માંડી બેઠાં. જેમ જેમ ભાષણ આગળ વળ્યું તેમ તેમ બંનેના ચહેરા પર તાણ વધવા લાગી અને જ્યારે એ શબ્દ સંભળાયા કે 'લોકડાઉન પંદર એપ્રિલથી ત્રીજી મે સુધી લંબાવ્યું છે' ત્યારે બેગ પકડી ઊભેલા સુજોયને કોઈએ જોરથી હડસેલો માર્યો હોય, એમ ફંગોળાઈને સોફા પર પટકાયો અને રસોડાના બારણા આગળ, હાથમાં ભાથા માટે બનાવેલાં થેપલાંનો ડબ્બો લઇ ઊભેલી હરિતા, ત્યાં જ થીજી ગઈ.

# અલંકાર-ફલંકાર વગરનો નાટ્યલેખક ઉત્તમ ગડા : પરેશ રાવલ સાથે વાતચીત

**નૌશિલ મહેતા**

*ઉત્તમ ગડા (૧૯૪૮–૬ જૂન ૨૦૨૦) લિખિત તેમ જ રૂપાંતરિત ચોવીસેક નાટકો ગુજરાતીમાં ભજવાયાં. એમાંનાં કેટલાંક હિન્દીમાં પણ. આ ઉપરાંત આઠેક લઘુનાટકો ભજવાયાં. વિગતો વિકિપીડિયા પર ઉપલબ્ધ છે. તેમનો વાર્તાસંગ્રહ ‘ટૂરિસ્ટ અને બીજી વાર્તા’ (સાહચર્ય પ્રકાશન, ૨૦૧૬) અને લઘુનાટકસંગ્રહ ‘વૉટ્સ અપ’ (ઇમેજ પબ્લિકેશન્સ, ૨૦૧૬).*

*હું ઉત્તમભાઈને ઓળખતો થયો ’૮૦ના દાયકાની શરૂઆતમાં – અભિનેતામિત્ર પરેશ રાવલના મિત્ર તરીકે. ૧૯૮૯માં મારા નિર્માણમાં ભૂપેન ખખ્ખર લિખિત ‘મોજીલા મણિલાલ’ (દિ. મહેન્દ્ર જોશી) ભજવાયું ત્યારે આઠદસ વરસના વિસ્મય ઉત્તમ ગડા સાથે દોસ્તી થયેલી. નાટકમાં એ વિષ્ણુનું પાત્ર ભજવતો હતો.*


*કાળક્રમે ’૯૦ના દાયકામાં ઉત્તમભાઈ સાથે પરિચય વધ્યો, કેમ કે અમે બન્ને ઘણી વાર ત્રણ દાયકા ચાલેલી ‘સાહચર્ય લેખનશિબિર’માં હાજરી પુરાવતા. દર વરસે ત્રણેક દિવસ સાથે રહેવાનું થાય ત્યારે મોકળા મને ગપ્પાં મારવાનું તેમ જ નાટ્યલેખનના કસબ વિશે કચકચ કરવાનું થતું.*

*૨૦૦૩માં ઉત્તમભાઈ, મિહિર ભૂતા અને મેં નવાં એકાંકી લખ્યાં, જે લેખકોના પોતાના દિગ્દર્શનમાં એક ટિકિટે ભજવાયાં. આ સાંજને નામ આપેલું, ‘ત્રણ ગુજરાતી’. આ અખતરાને એવી સફળતા મળી કે અમે ત્રણેએ ફરી નવાં એકાંકી લખ્યાં. એ ભજવાયાં ૨૦૦૬માં ‘ત્રણ ગુજરાતી : ભાગ બીજો’ના નામે.*

*એકમેકે લખેલાં દશ્યો અમે ભજવાયા પહેલાં માણ્યાં છે. ક્યારેક તો ભજવાયા પહેલાંની એકમેકની આખી કૃતિઓ પણ અમે માણી છે.*

*ઉત્તમભાઈના પ્રસ્થાન પછી એમના સહુથી ઘનિષ્ઠ નાટ્યસાથી (અને મારી નજરે, એમના મ્યૂઝ) અભિનેતા, દિગ્દર્શક, નિર્માતા અને મિત્ર પરેશ રાવલ (જે ચાર દાયકાથી મારોય નાટ્યસાથી અને મિત્ર છે) સાથે કોવિડકાળે મેં Zoom પર આ વાતો માંડી અને અહીં ટાંકી.*

*લૅપટૉપના પડદે Zoom પર વાતચીત*





ઉત્તમ ગડા (૨૦૦૧માં, છબી સૌજન્ય : અતુલ ડોડિયા)

**નૌ.** : દોસ્ત, ઉત્તમભાઈ અચાનક ગયા એમાં મને ખાસ્સો ઝાટકો લાગ્યો. તને અંદાજ હતો? એમની માંદગીનો?

**પ.** : ના, અંદાજ તો નહીં... પણ આઈ વૉઝ કાઇન્ડ ઑફ... અમેરિકાથી ભાભીનો ફોન આવેલો કે ભાઈ, ઇન્ડિયા પાછા આવવું છે, ફ્લાઇટની વ્યવસ્થા થઈ શકે? અને ત્યારે એમણે મને જણાવ્યું કે ઉત્તમભાઈને બ્લડ-કેન્સર છે...

એ અમેરિકા ગયા તે પહેલાં એમને મળવા ગયો હતો... એ ડિસેમ્બરમાં પડી ગયેલા ત્યારે. ભાભી મને કહે, તું મળવા આવ્યો ત્યારે હું જણાવવાની હતી પણ તમે લોકો નાટકની વાત કરતા હતા... મને થયું, એમાં હું આવું ક્યાં બોલું, એટલે મેં રહેવા દીધું...

ઉત્તમભાઈના સાળા છે અહીંયાં, પંકજભાઈ. ડૉક્ટર. હૉસ્પિટલ છે એમની, કાંદિવલીમાં. આઈ સ્પોક ટુ હિમ. એમણે સમજાવ્યું કે બહુ સ્લિમ ચાન્સીસ છે, રિકવરીના. પ્રાર્થના ઇઝ ધ બેસ્ટ વી કેન ઑફર. એટલે આઈ વૉઝ કાઇન્ડ ઑફ મેન્ટલી પ્રિપેર્ડ... છતાં ઍક્ચ્યુઅલી થાય ત્યારે લાગે છે ઝટકો.

**નૌ.** : ઉત્તમ ગડાની કલમનો પહેલો પરિચય કયો? પહેલી મુલાકાત કઈ? યાદ છે?

**પ.** : આઇ રિમેમ્બર, સેવન્ટી સિક્સ, સેવન... તેંતાલીસ વરસ પહેલાં મળેલો પહેલી વાર. જોકે પહેલો પરિચય તો એમની કલમનો. ટીવી પર મરિયમ જેતપુરવાલા નાટક કરતાં હતાં, 'ભીનાં પાનાં'. લેખક, ઉત્તમ ગડા... એ નાટક વાંચ્યું ત્યારે... એ સમયે જે પ્રકારનાં નાટકો થતાં હતાં તેનાથી સાવ જુદું લાગેલું. તેની ઋજુતા, તેની લાગણીઓ જુદી... અને લખાણ મને સ્પર્શે એવું. એમાં સિમ્પલિસિટી, કોઈ અલંકાર-ફલંકાર વગરની.

બાકી એ જમાનામાં, તું જાણે છે, ત્રણ ટુચકા અને ચાર ડૂસકાંવાળાં નાટકો થતાં હતાં... *(હસે)* કચોરીની ચોરી થાય, અને ચોરીની કચોરી ન થાય એ પ્રકારની શબ્દરમતો રમાતી હતી.

એ બધાથી સાવ વિમુખ, સાવ વેગળું લખાણ, ચોંટે તમને, એવું. હું અને તું જે ભાષામાં વાત કરીએ છીએ એ ભાષામાં લખાયેલું! એ રીતનું.

પહેલી વાર મળ્યો ત્યારે મને લાગ્યું, *(હસે)* આ લેખક કેવી રીતે હોઈ શકે? એકદમ બરાબર વાળ ઓળેલા. શર્ટ બરાબર ટક્ડ-ઇન કરેલું, ખિસ્સામાં બરાબર એક પેન ભરાવેલી, રૂમાલ એમનો ગડી વાળેલો, બરાબર શૂઝ મોજાં પહેરેલાં. મને થયું, આ કોઈ બૅન્કર હોઈ શકે, કાં તો કોઈ પ્રોફેસર હોઈ શકે. અને વાત કરતાં ખબર પડી કે એ સિડનહેમ કૉલેજમાં ભણેલા.

સિડનહેમથી નૌશિલ, હું એટલે અંજાયેલો કે મારે કૉમર્સ ભણવા સિડનહેમમાં જ જવું હતું. મારો બેસ્ટ ફ્રેન્ડ, જે પાર્લા ઇસ્ટમાં રહેતો, દિલીપ આચાર્ય, મને કહે, આપણે સિડનહેમમાં જઈએ. પણ પછી એના ઘરેથી કીધું, તમે ક્યાં સવારે ટ્રેન પકડીને સાઉથ બોમ્બે જશો? બેટર કે પાર્લા વેસ્ટમાં

સરસ મજાની કૉલેજ ખોલેલી છે, નરસી મોનજી! એટલે અમે ત્યાં ગયા. પણ અમારા પ્રન્સિપાલ, ડૉ. યુ.આર. કોહલી, એ સિડનહેમથી આવેલા. એટલે સિડનહેમ મારા માટે ઓક્સફર્ડ અને કેમ્બ્રિજ જેવી વૅલ્યુ ધરાવતી. એટલે મને થયું, આ સિડનહેમનો માણસ છે. ઉપરથી આટલા સરસ વાળ ઓળેલા છે... ત્યારે આપણે લઘરા ફરતા હતા. એટલે... એમનું જે પ્રકારનું લખાણ હતું એવો જ તેમનો લિબાસ પણ હતો. છીછરાવેડા ન હોય એવો.

**નૌ.** : એમના નાટ્યલેખન વિશે આજે તને શું સ્પર્શે?

**પ.** : આજે પણ, સિમ્પલિસિટી. એમનાં પાત્રોની જોડે હું રિલેટ કરી શકતો હતો. આજે પણ, આઈ કૅન સી ધ પાત્રો. રિહર્સલ કરતાં કરતાં કે નાટક ભજવતાં ભજવતાં યુ કેન ઑલમોસ્ટ સ્મેલ અ પાત્ર.

એક આડવાત. 'એક્વસ'* વૉઝ સજેસ્ટેડ બાય ઉત્તમભાઈ ટુ જોશી. અને આવું સફળ નાટક સજેસ્ટ કર્યા પછી હી નેવર ક્લેઇમ્ડ કે મેં સજેસ્ટ કરેલું. બાકી હું અને તું જાણીએ છીએ કે ઇન્ડસ્ટ્રીમાં કેવા લોકો ફરે છે...

**નૌ.** : *(હસે)*

**પ.** : ...તમારો ખભો ખાલી જોયો નથી કે હાથ ગોઠવાઈ જતા હોય છે. એટલે આ એક પ્રકારની દરિયાદિલી હતી.

'ભીનાં પાનાં' પછી 'રાફડા' કર્યું. આઈ વૉઝ પ્રોડ્યુસર, આઈ વૉઝ સપોસ્ડ ટુ પ્લે અ રોલ ઑલસો, પણ પછી તીરથે (તીરથ વિદ્યાર્થી) કર્યો.

'રાફડા' તો ચલો રૂપાંતર હતું, પણ એમનાં ઓરિજિનલ નાટકોનાં સ્ટ્રક્ચર બહુ ગમતાં. બધામાં થ્રિલર જેવું – હવે શું થશે, હવે શું થશે – લાગ્યા કરે. કન્ટ્રાઇવ્ડ ન લાગે તે રીતે સીન ઊઘડતા અને સિચ્યુએશન બનતી. એ બધી વાતો મને સતત ગમતી.

દાખલો આપું. 'શિરચ્છેદ'માં છોકરી બાપાને કહે છે – એટલે સેજલ શાહ જે રોલ કરતી હતી – કાન્તિભાઈ (મડિયા)ને કહે છે... કાન્તિભાઈની હાલત એકદમ ડિમેન્શિયા જેવી થઈ ગઈ છે. એ એટલા માટે થઈ, કારણ કે છોકરીએ આત્મહત્યા કરી... આત્મહત્યાના ફ્લૅશબૅક સીનમાં જ્યારે છોકરી કહે, 'હું જ્યારે ઊંઘમાંથી ઊઠી ત્યારે તમારા ભાઈનો હાથ મારા અંગ ઉપર અને મારો હાથ એમના અંગ ઉપર અને મારા બટન ખુલ્લાં...' એટલે કાન્તિભાઈ કહે, 'ના ના તું હમણાં કંઈ કહેતી નહીં કોઈને... કે ભાઈના થકી આપણી ફૅક્ટરી ઊભી થઈ રહી છે. અને ફૅક્ટરીનું ઉદ્ઘાટન છે બે-ત્રણ દિવસ પછી. આવું ન બોલતી અને કોઈને કહેતી નહીં. નહીં તો આમાં બહુ મોટો ખળભળાટ થઈ જશે...' ત્યારે છોકરી આ લાઇન બોલે છે, 'પપ્પા, તમારા ભાઈએ જે મારા શરીર સાથે કર્યું છેને, તે તમે મારા મન સાથે કર્યું છે...' ધેન શી કમિટ્સ સુસાઇડ.

આવી બધી વાતો મને ચોંટી જતી...

ઇવન હ્યુમર પણ આવે તો જાડી હ્યુમર ન આવતી...

હ્યુમર અમે જાડી કરી દેતા હતા તે વસ્તુ જુદી છે, કારણ કે અહીંયાં બધું બરાબર અણિશુદ્ધ રીતે ચાલતું હોય પણ નાટકની ટૂર કરીએ ત્યારે એ ફેલાય. 'મહારથી' પહેલી વાર '૯૫માં અમેરિકામાં લઈને ગયા ત્યારે મધુભાઈ (રાય) ત્યાં જોવા આવેલા. પણ એમણે નાટક '૮૭માં મુંબઈમાં જોયેલું. શો પછી મેં પૂછ્યું, મધુભાઈ, શું લાગ્યું?

એ કહે, અરરર અરરર અરરર! આ શું કર્યું તમે? મેં ત્યારે જોયેલું તે શું અને આજે જોયું તે શું?

શું કરીએ? નાટક ચાલી પડે પછી કોઈ વાર આ લેવલનું ભ્રષ્ટ થઈ જતું. ચાલુ પ્રયોગમાં કોઈ અભિનેતા બોલે એટલે હું બોલું અને પછી બીજો કોઈ બોલે... આમ ને આમ ઇમ્પ્રોવાઇઝ કરતાં કરતાં ક્યારેક સૂર ખોવાઈ જાય એવું પણ બન્યું છે.

'મહારથી' પછી કર્યું 'મૂળરાજ મેન્શન'. સ્ક્રિપ્ટના પહેલા પાને લખેલું હતું : 'મૂળરાજ મેન્શન, લેખક : ઉત્તમ ગડા,' અને નીચે લખેલું, 'આ નાટકમાં કોઈપણ કોઈપણ કોઈપણ પ્રકારનો ફેરફાર કરવાની મનાઈ છે.' અને દરેક 'કોઈપણ'ની નીચે એક લાઇન, બે લાઇન અને ત્રણ ત્રણ લાઇન કરેલી હતી.

**નૌ.** : આપણે ઉત્તમભાઈના કયા નાટક માટે જયભાઈ (સિનિયર કાઉન્સલ જૈમિની ચિનાઈ) પાસે સાથે ગયેલા, તને યાદ છે, એ નાટક બંધ કરાવવાના કાગળો તૈયાર કરાવવા...?

**પ.** : 'વિષરજની'.

**નૌ.** : 'વિષરજની' અરવિંદ ઠક્કરે ડાયરેક્ટ કરેલું...?

**પ.** : યસ, અરવિંદ ઠક્કર... એમણે બહુ ફેરફારો કરેલા... ઉત્તમભાઈ વૉઝ ક્વાઇટ અપસેટ, હી વૉઝ ક્વાઇટ પઝેસિવ...

ઇવન નસીરભાઈ (અભિનેતા નસીરુદ્દીન શાહ) પર પણ, જેમને સ્ક્રિપ્ટ આપેલી હતી, 'ઉડાન', ડિરેક્ટ કરવા, ઉત્તમભાઈ વૉઝ રાઇટફુલી અપસેટ, કારણ કે મૂળ પાત્રાલેખન તું વાંચે, જેમાં ઇરફાન (ખાન)નું પાત્ર છે... એમાં વારતા એ હતી, નૌશિલ, એક વાણિયા-બામણના ઘરમાં બે શૅરબજારિયા ભાઈઓ છે. એ બે ભાઈએ કોઈ ઇન્સ્પેક્ટરના પૈસા લીધેલા છે. ઇન્સ્પેક્ટરે રોકેલા છે, કે તમે મારા પૈસા પણ રોકો. ત્યારે ઇન્સ્પેક્ટરને એમ છે કે આનો ભાવ આમ થઈ જશે. કાળક્રમે શૅરબજાર પડી જાય છે અને ઇન્સ્પેક્ટર જોડે ઝઘડો થાય છે. ભૂલથી એક ભાઈના હાથે ઇન્સ્પેક્ટરનું મર્ડર થઈ જાય છે. ભૂલથી. હવે તું વિચાર કર વાણિયા-બામણના ઘરના છોકરાના હાથે મર્ડર થઈ જાય તે ઘરનો ગભરાટ કેવો હોય? એ ઘરનું માનસિક સંતુલન કેવું જતું

રહે? ધેન ધે રન.

આમાં નસીરભાઈએ શું કર્યું, કે ઘર અન્ડરવર્લ્ડવાળાનું બનાવ્યું. હિમાલય જેવડી મોટી ભૂલ કરી. ત્યારે મેં પણ કહેલું કે આ 'વર્ક નથી થતું' અને આનો ઉદ્દેશ આ છે. પછી એની ઉત્તમભાઈને ખબર પડી. એ સખત અપસેટ થઈ ગયેલા. પછી તો પ્રેસ કોન્ફરન્સ હતી અને ઉત્તમભાઈ ગયેલા ત્યાં અને તેમણે વ્યવસ્થિત વિરોધ નોંધાવેલો બધા પ્રેસની વચ્ચે... કે મારી સ્ક્રિપ્ટ આ હતી ને સ્ક્રિપ્ટનું આ રીતે મર્ડર થયું. હી વોઝ ધેટ પઝેસિવ.

'વિષરજની'ની વાત બરાબર છે. અરવિંદ ઠક્કરે બેફામ બદલેલું.

**નૌ.** : ઉત્તમભાઈનાં તેં ભજવેલાં પાત્રો વિશે વાત માંડે તો...?

**પ.** : 'મહારથી'માં સુભાષના પાત્રની જે કનિંગનેસ હતી... અને ધીરે ધીરે જે એની પરતો ખૂલતી હતી...

**નૌ.** : પરેશ, અભિનેતાને ભજવણીની જે 'જગ્યાઓ' મળે, એની વાત કરું છું...

**પ.** : ઓકે. બિટવીન ધ લાઇન્સ જે લખાયેલું હતું તે મને પરફોર્મ કરવાની બહુ મઝા પડતી. જે ઑબવિયસ હતું એ તો હતું. પણ એની આસપાસ મને એમ્બ્રોઇડરી કરવા મળતી હતી, કારણ કે લાઇનો સિમ્પલ હતી, લોડેડ નહોતી. ઘણી વાર એવું હોય કે વર્ડ બધું કહી દેતો હોય. અલંકારિક વર્ડ બધું કહી દેતો હોય. અને સિમ્પલ હોય તો તમને ખૂલીને કરવાની મઝા આવે, અંદરથી. 'મહારથી' પછી 'ચિરંજીવ'ની, જેમાં બાવો બનીને આવે છે, ત્રણ પૈસાનો લેભાગુ ઍક્ટર...

**નૌ.** : ટ્રુ, દોસ્ત. નાટ્યલેખનના કેન્દ્રમાં રહેલી છે આ વાતો. એક : બધુંય પાના પર કંડારશો તો ઍક્ટર કે ડિરેક્ટર એ લાઇનોને જીવંત કેવી રીતે બનાવશે? અને બીજી : ધિસ વૉઝ વેરી સ્પેશિયલ અબાઉટ ઉત્તમભાઈ. એમનાં પાત્રો બોલે કંઈક અને કરે કંઈક...

**પ.** : પેલું છેને, અ કેરેક્ટર ઇઝ નૉટ વૉટ ઇઝ સેઝ, હી ઇઝ વોટ હી ડઝ. એ બે ઘોડા પર સવારી ચાલતી, આમાં ઘણી વાર સ્કોપ મળી જતો હતો. અને એવો સ્કોપ સતત ન મળે તોય વચ્ચે વચ્ચે બારી દેખાયા કરે. ડોકું કાઢીને જોઈ લો તમે.

'ચિરંજીવ'માં પણ એવું જ હતું કે છે એ લેભાગુ ઍક્ટર... જે સાલો ઘરમાં આવે છે અને કટગ્લાસની ઍશ-ટ્રે ચોરી જાય છે. કામ ઉદાત્ત કરવાનું છે એણે. પેલી બાઈને કહેવાનું છે, તારો છોકરો નહીં બચે.

આ વાત કરવા માટે પણ, એક્ટરની જાત – 'નાઇટ' કેટલી મળશે? 'કવર' કેટલું આપશો મને? કન્વેયન્સ આપશો કે નહીં? – આવા બધા ત્રણ પૈસાના સવાલો કરે છે. પણ પછી હી ચેન્જીસ... કારણ કે એને ખબર પડે છે... એ કહે છે પેલાને, 'ઍક્ટિંગ તમે જે માનો છો એ નથી... તમે જે નથી એ તમારે બનવાનું, સાથે સતત યાદ રાખવાનું તમે જે બન્યા છો એ તમે નથી.'

કારણ કે પછી એ બાઈની સન્મુખ આવે છે. ત્યાર બાદ એ કહે છે, 'કોલ્ડ પ્રિન્ટ જુદી વસ્તુ છે, સામે ધધૂકતી બાઈ બેઠી હતી. મા બેઠી હતી. અને એની આંખમાં મેં જોયું અને કહી બેઠો, જો તારો છોકરો સાજો થશે જ!' અને ત્યારથી બધા પ્રોબ્લેમ શરૂ થાય છે.

એટલે આ જે અંદરથી બદલાવાનો મોકો મળતો, ઍટિટ્યૂડ માટે કે તમારા ઇન્ટોનેશન માટે, આ બધી રીતે સ્કોપ પૂરતો મળી રહેતો પાત્રાલેખનમાં.

પણ અમુક અમુક નાટકો એવાં, નૌશિલ, મેં ક્યારેય ઇમ્પ્રોવાઇઝેશન નથી કર્યું. વન વૉઝ 'ચિરંજીવ', વન વૉઝ 'શિરચ્છેદ', વન વૉઝ 'ડિયર ફાધર'. એમાં અમે ક્યારેય... ઇવન 'સથવારો', એમાં ક્યારેય નથી કર્યું. એમાં બરાબર પ્રમાણભાન જાળવીને ચાલતો હતો.

'સથવારો'ની વાત કરું. ૧૯૯૨-૯૩માં મુંબઈમાં રાયટ થયેલા. પછી ચાર નાટકો ચાલતાં હતાં, મુંબઈમાં, સોશિયલ હાર્મની પર. એક મહેશ દત્તાણીનું હતું, એક મરાઠીમાં હતું, ગુજરાતીમાં આપણું હતું અને હિન્દીમાં કોઈ બીજાનું હતું. ત્યારે શાન્તા ગોખલેએ પીસ લખેલો જેમાં શી સ્પેશિયલી મેન્શન્ડ ધિસ પ્લે, કે જબરદસ્ત પ્લે છે. એમાં પહેલવહેલી વાર ઉત્તમ ગડાને મેં આઇડિયોલોજીની વાત કરતા કે સમકાલીન પરિસ્થિતિની ચર્ચા કરતા જોયેલા.

**નૌ.** : ખરી વાત. હવે કહે, એમણે લખેલું કયું નાટક કે પાત્ર, જે તને ભજવવાનું મન હતું પણ કોઈ કારણસર ભજવી ન શક્યો?

**પ.** : ઑલમોસ્ટ એવું થતું હતું કે નાટક લખાય કે તરત મારે મોટેથી વાંચવાનું થાય, એમની સામે. કોઈ કોઈ વાર તો ખબર હોય કે હું નથી કરી શકવાનો, તોય. એ કહે કે હું વાંચું ત્યારે એમને નાટકનો ધ્વનિ સંભળાય અને ખબર પડે કે એમને મજા આવે છે કે નહીં.


**નૌ.** : એક વસ્તુ મને બહુ વિચિત્ર લાગતી એમની. એમના નાટકનું રીડિંગ મારી પાસે હોય ત્યારે પોતે ન વાંચે, ઊલટું મને કહે 'તું વાંચ. મારે સાંભળવું છે.'

**પ.** : એનું કારણ એ હતું નૌશિલ, હી વૉઝ અ વેરી બેડ નેરેટર. હૉરિબલ! પછી કોઈ વાર વાંચવા બેસે તો આપણે કહેવું પડે, ના ના તમે ના વાંચો, કારણ કે યાર, સારું નાટક ખરાબ થઈ જશે... *(બન્ને હસે)*

હવે તારા મૂળ સવાલનો જવાબ. 'વોટ્સ અપ' હું કરવાનો હતો પણ કોઈક કારણસર રહી ગયું હતું. મારે એમાં અમુક ફેરફારો જોઈતા હતા, એ મને કહે કે ઠીક છે, કરું છું... એવું કંઈક હતું, તે રહી ગયું.

'વિષરજની'નાં તો રિહર્સલ પણ શરૂ કરેલાં. હું, પલ્લવી જોશી... અમે લોકો કરવાનાં હતાં... અને ઇફ આઈ ઍમ નોટ મિસ્ટેકન, ત્યારે રાજીવ મહેતા હતો. હું મોટો ભાઈ, પલ્લવી વાઇફ અને રાજીવ નાનો ભાઈ. આ બે નાટકો હું નહોતો કરી શક્યો.





હા, સૉરી સૉરી સૉરી, મેઇન તો 'કાયાકલ્પ'. એ ડબલ રોલનું નાટક હતું. મારે કરવું હતું. પણ એક્ઝેક્ટલી ત્યારે મારો પગ તૂટેલો. હું નહોતો કરી શક્યો. મેં ઉત્તમભાઈને કહ્યું, હું પડ્યો છું તો કમસે કમ ડિરેક્ટ કરું. મને એ આનંદ તો લૂંટવા મળે. ૧૯૯૧માં એ ખૂલેલું.

**નૌ.** : નાટ્યસાથી તરીકે ઉત્તમભાઈ કેવા?

**પ.** : અદ્ભુત વસ્તુ મને એ લાગે છે... અહીંયાં હું દાખલા આપીશ જ આપીશ... આપણે બધા મોટા મોટા લોકોને જોયા છે, તોતિંગ રાઇટર્સ... મધુભાઈ, સિતાંશુભાઈ (યશશ્ચંદ્ર)... આ બધાએ નાટકો લખવાનાં બંધ કરી દીધાં...

કમસે કમ નિજાનંદ માટે તો નાટક લખો!

ઉત્તમભાઈ કન્ટિન્યુઅલી લખ્યા કરતા. ગાંડુંઘેલું, ખરુંખોટું, પણ હી વુડ સિટ ડાઉન ઇન ફ્રન્ટ ઑફ અ બ્લૅન્ક પેપર અને... નૌશિલ, તારે નાટક કરવું હોય તો તું કર! મનોજ (શાહ), તારે નાટક કરવું છે? લે! ચિરાગ (વોરા), તારે નાટક કરવું છે? લે! પ્રતીક (ગાંધી), તારે નાટક કરવું છે? રાખ! અરે (ભનહર) ગઢિયા, તારે '૭x૨૧' માટે પીસ જોઈએ છે? લખી આપું!

એ સતત લખતા. કોઈએ કમિશન ન કર્યું હોય, તોય. પોતાની મેળે, નિજાનંદ માટે. આજુબાજુના યંગ લોકોને ખાત્રી હોય કે તેમની પાસેથી પુરવઠો મળી રહેશે, 'ઉત્તમભાઈ કર કે દેંગે.'

એ સતત વાંચતા. બે-ત્રણ મહિના માટે અમેરિકા જાય ત્યારે પાછા આવીને, 'મેં આ જોયું, આ ચોપડી વાંચી, આ લઈ આવ્યો છું...' આવા માણસો આપણી આજુબાજુ જોઈએ. તો આપણી આળસ પણ ખંખેરાઈ જાય.

**નૌ.** : ખરી વાત, થૅન્ક્સ, દોસ્ત!

પરેશ રાવલ પછી નિર્માતા-દિગ્દર્શક મનોજ શાહે ઉત્તમ ગડાનાં સહુથી વધુ નાટકો ભજવ્યાં :

'સિસ્ટમ' (૨૦૦૧), 'ઑરેન્જ જ્યુસ' (૨૦૦૬), 'દરિયાલાલ' (૨૦૧૦), 'ફાયરવૉલ' (૨૦૧૧), 'કાર્લ માર્ક્સ ઇન કાલબાદેવી' (૨૦૧૩), 'વૉટ્સ અપ' (૨૦૧૫), 'લક્ષ્મી પૂજન' (૨૦૧૫) નાટકોનો આ યાદીમાં સમાવેશ થાય છે.

ઉત્તમભાઈએ પૂરાં કરેલાં નાટકો, જે મનોજ શાહે ભજવવાનાં બાકી છે, એમાં 'સુનામી', 'મહારાણા પ્રતાપ' (હિન્દી) અને 'ઓદિપસ રેક્સ'નો સમાવેશ થાય છે.

*સામે પાને : (ઉપર) સતચિત પુરાણિક 'કાર્લ માર્ક્સ ઇન કાલબાદેવી'માં.*
*(નીચે) ચિરાગ વોરા અને દિવ્યા જગદાલે 'ઑરેન્જ જ્યુસ'માં.*
*છબીસૌજન્ય : મનોજ શાહ*

*ભોંય પર ત્રણ થાળી. થાળીઓમાં મૂઠી ભાત, થોડું મીઠું.*

*એક સ્ત્રી અને એની બે દીકરીઓ પ્રવેશે. પ્રેક્ષકોને જુએ, પોતપોતાની થાળીને જુએ.*

*ગોળ કૂંડાળે બેસે. ભાત-મીઠું ભેળવે.*

## ૧. સ્ત્રી ઊભી થાય

'એક વાર એક હતી...' *(વિરામ)*
'એક વાર એક...' *(વિરામ)*
'એક હતી...' *(વિરામ)*
હા.
'એક વાર એક હતી છોકરી જે...' *(વિરામ)*
'એક છોકરી એક વાર...'
'એક વાર એક છોકરી...'

ટૂંકી વારતા. ખરેખર ખરેખર ટૂંકી વારતા. *(વિરામ)* વારતાના અંત મારી દીકરીઓને બહુ ગમે.

એવી વારતાઓ ન ગમે જે થાળીમાંના ભાત સાથે પૂરી ન થાય.

ભાત. *(વિરામ, ભાત જુએ)*

હું ત્યાં કામ કરું. પેલે ત્યાં. સામેના મકાનમાં સાત ઘેર વાસણ માંજું. ઝાડુપોતાં કરું. સવારના પાંચથી બપોરના એક.

પછી પાછી આવું. ચૂલા પર ભાત ચઢાવું. ચઢતાં પચીસ મિનિટ થાય. ત્યાં બન્ને નિશાળેથી પાછી ફરે. અમે જમીએ. હું વારતા કહું. લાંબી.

અમે ગરીબ છીએ. પણ અમે જમીએ. હું કમાઉં. સામેના મકાનમાં, જ્યાં વાસણ માંજું, ઝાડુ-પોતાં કરું. સાત ઘેર.

બેય જમે. મારે વારતા લંબાવવીય પડે. વારતાના અંતનો મેળ છેલ્લા કોળિયા સાથે મળવો જોઈએને!

---

** મૂળ નાટક* ***'Salt'*** *(અંગ્રેજી, અપ્રગટ) Folkteatern in Gothenburg (સ્વીડન) દ્વારા ભજવણી માટે ૨૦૨૦માં લખાયું. નાટકના સર્વ હક લેખકને સ્વાધીન. કોઈ પણ માધ્યમમાં/કોઈ પણ ભાષામાં ભજવણી/પ્રકાશન કરતાં પહેલાં લેખકની લેખિત પરવાનગી મેળવવી જરૂરી. સંપર્ક : majumdar.abhishek@gmail.com*

એમનો બાપ બાંધકામનું કરતો. સામેનું મકાન એણે બાંધેલું. લગભગ એણે જ.

મકાન ખૂલ્યું એના બે દા'ડા પહેલાં એ અગાશી પર રંગનો છેલ્લો હાથ મારતો'તો. પડ્યો. અમે એને પડતાં જોયો. છોકરીઓ નાની હતી. એમને હતું કે એ ઊડશે. એમણે તાળી પાડી. મેં ચીસ.

કહે છે એને પડતાં સાડાચાર સેકન્ડ લાગી. જમણા હાથ સિવાય બધું ભાંગીને ભૂકો થઈ ગયું. પણ પીંછી હાથમાં સલામત હતી. પકડ ઢીલી નહોતી થઈ. મને થયું, એને એમ હશે કે બચી ગયો તો પાછો ઉપર જઈને કામ પૂરું કરીશ. પછી સાંજે આજનું દા'ડિયું મળશે ને કાલ માટે ભાત લાવીશ.

'એક વાર એક છોકરી...'

'બે છોકરીઓ એક વાર...'

હું ત્યાં કામ કરતી. મકાનમાં વસ્તી આવી ત્યારે. કોઈને ખબર નથી કે એક જણ ઊકલી ગયો એને બાંધતાં બાંધતાં. ભલે ન હોય, પણ ક્યારેક હું બારીનો કાચ સાફ કરું ત્યારે વિચારું કે એ પડ્યો ત્યારે હું જો અહીં કામ કરતી હોત તો એને મેં અહીંથી પડતાં જોયો હોત. તો કદાચ એને બચાવી લેત. સાડાચાર સેકન્ડમાં નીચે દોડી જાત અને મસમોટું ગાદલું કે પાણીની ટાંકી ગોઠવી દેત.

અમે ભલભલું કરી શકીએ. આ શહેર અમે બાંધ્યું છે.

અમે ગામથી આવેલાં. ભેગાં. ટ્રેક્ટરની ટ્રોલીમાં બેસીને, એક પોટલી, એક તપેલી ને ત્રણ થાળી લઈને. નાનકી નાની હતી ત્યારે, થાળી માટે. આમેય થાળીઓ ત્રણ જ હતી. બેય દીકરીઓને છાતીસરસી ઝાલીને. બેય છેક સુધી ઊંઘતી રહી. મારો જણ કહે, આપણે કામ કરશું. બેયને નિશાળે મોકલશું. બેયને રોજ જમાડશું. ત્રણ ટંક. ભાત. સરસ મજાના, ચોખ્ખા ચોખાથી બનાવેલા. લચકો ભાત. અને મીઠું. *(વિરામ)*

કોઈ ચીંધે પહેલાં આપણે મચી પડશું. કામ કરશું. ભીખ નહીં માગીએ. આપણી પાસે આપણા દેહ છે. મારા હાથ, તારાં આંગળાં... આપણે સફાઈ કરશું, રાંધશું, બાંધશું, જે મળે તે કરશું પણ આ બેયને જમાડશું! ભાત અને મીઠું. કંઈ નહીં તો.

એ ખાવા ખૂબ લાવતો. થેલી ભરીને ભાત. બેય જણીઓ ભરપૂર જમતી. રોજેરોજ. સિવાય કે એના ગયા પછીના બે મહિના. પણ મને કામ મળી ગયું. ભાભી સમજુ મળ્યાં. પહેલે જ દા'ડે આગોતરા રૂપિયા આપ્યા. અમે જમ્યાં.

બપોરના ત્રણે હું પાછી જાઉં. રાતના આઠ સુધી કામ પતાવું. પાછી આવીને તપેલી ફરી ચઢાવું.

અઠવાડિયામાં બે વાર ભાત સાથે એક શાક, દાળ ને ગોળ.

સાત ઘર. રોજના અગિયાર કલાક. બીજું કંઈ હોય કે નહીં, પણ ભાત અને

મીઠું રોજ હોય. ક્યારેય હાથ લાંબો કર્યો નથી. *(વિરામ)*

આખો દા'ડો, કામ કરું ત્યારે વારતા બનાવું. મારી છોકરીઓને મારી વારતા બહુ ગમે. એટલે બનાવું. મકાનોની વારતા, મોટરની વારતા, મોટર મેલવાના ભોંયરાની વારતા, બેઠકના ઓરડાની વારતા, સૂવાના ઓરડાની વારતા... મકાનનાં ફ્લૅટોમાં જે જે અવનવું હોય એની વારતા. મારી નાનકીને એક વાર મકાનનો ફ્લૅટ અંદરથી જોવો છે. વળી મોટીને તો એમાં રહેવું છે. ઝોંપડપટ્ટીની છોકરીની વારતામાં આવું બધું આવે એ એમને બહુ ગમે.

ઊડતા જણની વારતા બેયને બહુ ગમે. એવો જણ જે મકાન પરથી પડે પણ ઘેર ખાવા લઈ આવે. બેય ખાય ને ત્યાં એકાએક એમનું નાનકડું ઝૂંપડું મસમોટા મકાનનો મસમોટો ફ્લૅટ બની જાય અને બેય પૈસાદાર લોકો જેવું જીવવા માંડે અને એમના જીવનમાં બે જ મુસીબત રહે : એક તો ચૅનલ કઈ જોવી અને બીજી, એકલુંએકલું લાગે ત્યારે શું કરવું.

વારતાને લીધે બેયને ખાતાં બહુ વાર લાગે. વારતા લાંબી ચલાવવી પડે, કેમકે એમને ખાતાં વાર લાગે છે. દા'ડો આખો, મનમાં ને મનમાં હું વારતા ચગાવું. એને ઢીલ આપું જેથી છેક સુધી ટકે.

દીકરીઓને મારી પાસેથી એટલું જ જોઈએ છે.

એ ભૂખ સમજતી નથી. એમને એમ છે કે વારતાથી એમનું પેટ ભરાય છે. છેલ્લા કૉળિયા સાથે વારતા ન પતે તો બેય રડવા માંડે.

એવું જગ એમને સમજાતું નથી, જ્યાં ખાવાનું અને વારતા સરખેસરખાં નથી. બેય વારતા પૂરતું ખાય, ખાવા પૂરતી વારતા સાંભળતાં નથી. *(સ્મિત આપે)*

સરસ છે આ ઉંમર. જ્યારે બેય માનું કહેલું માને છે.

ખબર છે કે મારા સિવાય જગમાં એમનું કોઈ નથી. હવે ગમે ત્યારે એમનાં સપનાં બદલાશે. એય ભાત-મીઠાનાં બનશે.

ત્યાં સુધી મારે જીવવું છે.

જીવીને એમને વારતા કહેવાની છે.

મુસીબત એ છે કે બધું ખૂટી પડ્યું છે. ઓછા ભાતથી એમનું પેટ ભરાશે પણ વારતા ટૂંકી પડે તો અઘરું પડે છે.

'એક વાર એક છોકરીએ શું ખાધું, ખબર છે?'

*છોકરીઓ કોળિયો ભરે. ચાવે. ગળે નહીં. સ્ત્રી એમને જોયા કરે, બેસે.*

*બન્ને છોકરીઓ ચાવેલો કોળિયો મોંમાંથી બહાર કાઢે, થાળીમાં પાછો મૂકે. એમાં મીઠું ઉમેરે. થાળીમાંથી મીઠું ચાટે.*

## ૨. મોટી દીકરી ઊભી થાય

મને કોળિયો ટકાવતાં આવડી ગયું છે. માની વારતા પતે ત્યાં સુધી. એને એમ છે કે એ જબરી વારતા કરે છે. એને નથી ખબર કે અમે સાચવીને ધીમે ધીમે ખાઈએ છીએ જેથી એની વારતા પતે ત્યારે અમે છેલ્લો કોળિયો ખાઈએ.

મારી બહેન, સાવ નાનકી છે. અમારો બાપો પડ્યો ત્યારે એને એમ કે એ ઊડશે. હવે એને એમ છે કે ભૂખ તો એક ખેલ છે અને એમાં એ જીતે છે.

રોજ રાતે પાણી પીવા ઊઠે છે. ચૂપચાપ, કોઈને સંભળાય નહીં એ રીતે. પેટ ભરીને પાણી પીએ છે. એને એમ છે કે અમે બે મોટાં છીએ એટલે અમે ઓછું ખાઈનેય ઘસઘસાટ ઊંઘી શકીએ. એને એમ છે કે મોટું એને જ કહેવાય જે ફરિયાદ કર્યા વિના ભૂખ્યું રહી શકે.

મેં સરકારી ટેમ્પો જોયો છે. બે ફેરા કરે છે, ગરમાગરમ ભાત સાથે. પેલા મકાનની સામી બાજુ. એક દા'ડો હું એની પાછળ દોડેલી, ભાત માટે ઘાંઘી થઈ ગયેલી. એટલી ઘાંઘી કે પાછળ દોડી, પણ એટલી ભૂખી હતી કે હું... હું પકડી ન...
*(વિરામ, મા સામે જુએ)*

મા ક્યારનું કહ્યા કરે છે કે આપણી પાસે ખાવા પૂરતું છે. એ મીઠાથી થાળી ભરે છે અને વારતા માંડે છે જેથી મીઠાથી અમે પેટ ભરી લઈએ અને એમ માનીએ કે અમે ભાત ખાધો.

બાપડીને એમ છે કે અમે એવું માનીએ છીએ. એટલે રોજ ભાત ઘટે છે ને મીઠું વધે છે.

મારી બહેનને એમ છે કે બધાં મોટાં આમ જ કરે. કાલ રાતે તો એણે ચપટી મીઠું ઉમેરાવ્યું. *(વિરામ)*

મારી બહેનપણી, જે સામી બાજુ રહે છે, એ પેલે દા'ડે તળાવડી પાસે મળી'તી મને.

એની મા, જે પણ મકાનના ફ્લૅટોમાં કામ કરે છે, મારી માની જેમ, સાત ઘેર, છ કલાક સવારે. છ ઘેર, પાંચ કલાક સાંજે. એય ઘેર બેઠી છે. એનેય ગેટની અંદર નથી લેતા. એક ભાભી એને ક્યારેક કારની પાછલી સીટ નીચે સુવાડીને એમને ઘેર લઈ જાય છે. પકડાશે તો ભાભીને કંઈ નહીં થાય, એની માનું પત્તું કપાઈ જશે.

બિચારી જાય તો સાત ઘર ગુમાવે. ન જાય તો ભૂખે મરે.

મારી બહેનપણી કહે, 'વિમાનમાં બેસીને રોગ આવ્યો. બધે બધાના હાલ આપણા જેવા કરી નાખ્યા. આપણે ભૂખે મરીએ છીએ, એમાં કોઈનો વાંક નથી. તોય, પહેલી વાર આપણને કંઈ પણ ઇમ્પોર્ટન્ટ થયું.'

મને સરકારને મનોમન ગાળ દેવાનો પસ્તાવો થયો. બધાની હાલત આપણા જેવી હોય તો સરકાર બિચારી ક્યાં ક્યાં મને ગોતતી ફરે? કે આને મહિનો જમાડું,

કપડાં પહેરાવું, મહિનો જીવાડું! દુનિયા આખીમાં લોકો ભૂખે મરે છે.

બીજી વાર ટેમ્પો આવ્યો ત્યારે હું દોડી નહીં. મારી બહેનપણી ભેગી ઊભી રહી, એને સલામ ભરીને જનગણમન ગાયું. પેટમાં કુરકુરિયાં બોલતાં'તાં અને બીજા અંતરામાં બે વાર થૂંક ગળવું પડેલું, પણ એકેય લીટી ચૂક્યાં નહીં અમે. ગીત પૂરું થયું પછી મારી બહેનપણી બેભાન થઈ ગઈ. એની પહેલાં નહીં.

તળાવડીમાંથી પાણી લાવી એના મોઢે છાંટ્યું. આંખો ખોલીને એ કહે, 'ફિકર નહીં કરવાની. દુનિયા આખીમાં લોકો બેભાન થઈ રહ્યા છે!' આવું કહેતી વખતે એના મોઢા પર ત્રણ ટંક જમ્યાનો આનંદ હતો.

મેં પૂછ્યું, 'કેમ,' તો એ કહે, 'જિન્દગીમાં પહેલી વાર મને એ બધું થાય છે જે અમીરોને થાય છે!'

મેં મકાન સામે જોયું. પછી એને કહ્યું, 'પણ આ બધા અમીરો કંઈ...'

એ મને ટપલી મારીને કહે, 'આ મકાન આખી દુનિયા નથી! આ રોગે બધાયને સરખેસરખા કરી નાખ્યા છે!'

આજે સવારે મારી બહેનપણી મરી ગઈ. એની માએ એને ઝૂંપડી પાછળ દાટી. હું ગયેલી, ઢેફું નાખવા.

બધે કામ બંધ થયા પછી એનો બાપ સૂનમૂન બેસી રહેતો. એને ભીખ માગવાની શરમ આવતી. એક રાતે એ ક્યાંકથી બે કોથળા ભાત લઈ આવ્યો. કહે કે એને અમીરોએ લાવેલા રોગથી મરી જવું છે. એટલું કહીને ચાલી ગયો. ગયો એ ગયો.

એની માએ કોથળા ખોલ્યા નહીં. એને ડર હતો કે કોઈ આવીને કોથળા પાછા માગશે.

મારી બહેનપણી મરી ત્યારે એના મોંમાં મીઠું હતું. એનું શબ કોથળા પરથી જડ્યું. છેલ્લે છેલ્લે એણે કોથળો ખોલવાની કોશિશ કરી હશે. *(મા સામે જુએ)*

મા ટૂંકી વારતા શોધી રહી છે. એવી ટૂંકીટચ વારતા જે લાં...બી લાગે. એને એમ છે કે એક કોળિયા સાથે પણ, સરસ મજાની વારતા સાંભળીને અમે ધરાઈ જશું અને ભાત તો અમારું મન રાખશે.

પણ આ બધાના અંતે, અમીરો બચી જશે અને ગરીબોનો જીવ આ મીઠું લેશે.

હું મરું એ પહેલાં મારે માને ખરેખરી ટૂંકી વારતા કહી રાખવી છે, નાનકીને કહેવા માટે.

'એક વાર એક છોકરીએ પેટ ભરી ખાધું
અને સુખેથી રોગમાં મરી ગઈ!'

*મોટી દીકરી બેસી જાય. ત્રણેય કોળિયા મોંમાં મૂકે, ચાવે.*

## ૩. નાની દીકરી ઊભી થાય

*એની મા અને બહેન ચાવ્યા કરે.*

પેલે દા'ડે સરકારી ટેમ્પો જતો જોયો. હું ભૂખી હતી. પાછળ દોડી. પેલા માણસે મને જોઈ. ટેમ્પો થોભ્યો. પણ અંદર જોયું તો ખાવાનાનું એક જ પડીકું વધેલું. એનું.

એણે મારી સામે જોયું ને થોડું હસ્યો. પડીકું મને આપીને ચાલી ગયો.

ટેમ્પો પાછળ દોડવું એ ભીખ માગ્યા બરાબર છે. નહીં તો આપણે દોડવું પડે કેમ?

હું આખું પડીકું ખાઈ ગઈ. પણ પછી બહુ ખરાબ લાગ્યું. થયું મારી મા ને મારી બહેન આ ખેલ પણ જીતી જશે. બે અઠવાડિયાં હું જીતતી'તી. એ બેય જેટલી જ ભૂખી રહેતી'તી. કોઈ કોઈ વાર અંચાઈ કરીને રાતે ઊઠીને પાણીથી પેટ ભરી લેતી... પણ આખું પડીકું ખાધા પછી મારે આપઘાત કરવો'તો.

મને થયું, તળાવડીમાં કૂદી પડું. પણ કોઈ બચાવે તો? ડૂબવાથી ભૂખ વધી જાય તો?

ત્યાં મારી બહેન ને એની બહેનપણી દેખાયાં. બેય જનગણમન ગાતાં'તાં. એ ગયાં પછી મેંય ગાયું. સારું લાગ્યું. ખરેખર. ભૂખ ઓછી થઈ. દેશને પ્રેમ કરો તો પેટ ભરાઈ જાય.

ત્યારથી હું રોજ ત્રણ વાર ગાઉં છું. રાતે જમતાં પહેલાં બહાર જઉં, ઝાડ પાછળ ઊભી રહું. ને ગાઉં. હવે હું જીતું છું. કાલે માએ ત્રણ કોળિયા આપેલા. દોઢ કોળિયા મેં એમ જ બગાડ્યા.

જાણી જોઈને. મકાનના લોકો કરે એ બધું મારે કરી લેવું છે. કાલે પહેલું પગથિયું ચઢી. *(વિરામ)*

મારી બહેનની બહેનપણી મરી ગઈ. એને બહુ ગુસ્સો આવ્યો અને એ ખાઉધરી થઈ ગઈ. કાલે એણે એના એ ત્રણ કોળિયા નવ વાર ખાધા. મને લાગે છે કે એ ટેમ્પોમાંથી ભીખ માગીને ખાય છે. રોજ રાતે કેવી મજાની આંખ મીંચીને ઊંઘી જાય છે? હું ભૂખની મારી જાગું, ત્યારે બેય ઘોરતાં હોય.

બેય નક્કી કંઈક ખાતાં હશે. પણ આ ખેલ... જીતવાની હું. *(વિરામ)*

કહે છે કે છેવટે, અમારી પાસે એવું કંઈ આવ્યું જે બીજા બધા પાસે છે.

છેવટે, અમે દુનિયામાં ભળી ગયાં.

મારી મા એવી વારતા શોધતી ફરે છે જે ભાતના છેલ્લા કોળિયા સાથે પૂરી થાય. એવી વારતા મને આવડે છે પણ હું એને કહેવાની નથી.

'એક વાર એક સાહસિક છોકરી પૈસાદારને અડીને મરી.

એના બાપની જેમ ભૂખે ન મરી.'

મા ને બહેનને એમ છે કે એ ઊડેલો. મારો બાપ. પણ એ પડ્યો ત્યારે એના પેટમાં બોલતાં કુરકુરિયાં મને સંભળાયેલાં. અહીંથી.

મારાથી ખવાય એટલું મીઠું ખાઈશ.

વારતા ચાલે ત્યાં લગી ખાતી રહીશ.

કાલે જઈને પૈસાદારને અડીશ.

પછી આ બે માટે કોળિયા વધશે.

કહે છે, આ રોગથી મરીએ તો આપણને ગણીને ટીવી પર દેખાડે છે.

મારા કુટુંબમાં પહેલવહેલી ગણતરીમાં હું આવીશ. છેવટે, અમારી પાસે એવું કંઈ આવશે જે પૈસાદારો પાસે હોય.

*નાની દીકરી બેસી જાય. ત્રણેય કોળિયા ગળી જાય.*

*બે પળ શાંતિ. અંધકાર.*



